# એકમ–3

# નિર્દેશીકરણની ભાષાઓ - ભાગ - ૨ વર્ગીકરણની યોજનાઓ
# Indexing Languages Part - II
# Classification Schemes

: રૂપરેખા :

3.0 ઉદ્દેશો
3.1 પ્રસ્તાવના
3.2 ડ્યૂઈ ડેસિમલ ક્લાસિફિકેશન (ડીડીસી) યોજના (પદ્ધતિ)
3.2.1 નવી આવૃત્તિ
3.2.2 DDC-22મીમાં ફેરફારો
3.2.3 વેબડ્યૂઈ
3.2.4 ખ્યાતિ અને સમસ્યાઓ
3.3 યુનિવર્સલ ડેસિમલ ક્લાસિફિકેશન (યુડીસી) યોજના (પદ્ધતિ)
3.3.1 ઐતિહાસિક પાર્શ્વભૂમિકા
3.3.2 યુડીસીની સહભાગીદારી
3.3.3 યુડીસીની અંગ્રેજી આવૃત્તિ
3.3.4 યુડીસીની લાક્ષણિકતા અને રૂપરેખા
3.3.5 ગોઠવણીનો ક્રમ
3.3.6 ઉધ્ધૃત ક્રમ
3.3.7 યુડીસી પદ્ધતિના ગુણો
3.4 લાઈબ્રેરી ઓફ કૉંગ્રેસ ક્લાસિફિકેશન (એલસીસી) પદ્ધતિ
3.4.1 યોજના
3.4.2 ઉપયોગ, પુનઃસંશોધન અને ભાવિ
3.5 કોલન ક્લાસિફેકેશન (સીસી) યોજના
3.5.1 સીસીની 7th આવૃત્તિના લક્ષણો
3.5.2 સીસી-7ની સંજ્ઞા
3.5.3 પુનઃસંવર્ધન, ઉપયોગ અને મોભો
3.6 બિબ્લિયોગ્રાફીક ક્લાસિફિકેશન (બીસી) યોજના
3.6.1 બીજી આવૃત્તિ, બીસી-2
3.6.2 બીસીની વિશિષ્ટ ખાસિયતો
3.6.3 રૂપરેખા, વધારાના કોઠાઓ અને ઉપયોગ
3.7 લાઈબ્રેરી બિબ્લિયોગ્રાફિક ક્લાસિફિકેશન (બીબીકે/એલબીસી) યોજના
3.7.1 બીબીકેની રૂપરેખા
3.8 બ્રોડ સિસ્ટમ ઓફ ઓર્ડરીંગ (બીએસઓ) યોજના
3.8.1 રૂપરેખા
3.8.2 ઉપયોગ
3.9 વિશિષ્ટ વર્ગીકરણ યોજનાઓ
3.9.1 લાભો/ફાયદાઓ

3.9.2 વ્યાપ
3.9.3 અભિગમો
3.9.4 કેટલાંક ઉદાહરણો
3.10 વર્ગીકરણ પદ્ધતિઓમાં સંશોધનના વલણો/પ્રવાહો
3.11 સારાંશ
3.12 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો
3.13 ચાવીરૂપ શબ્દો
3.14 સંદર્ભો અને વિશેષ વાચન

## 3.0 ઉદ્દેશો (OBJECTIVES) :

આગળના એકમમાં તમે નિર્દેશીકરણની ભાષાઓ અને તેઓની ખાસિયતો જ્યાં તમે વર્ગીકરણની પદ્ધતિઓ નિર્દેશીકરણની ભાષાના ઉદાહરણ માટે જાણવી જોઈએ. આ એકમમાં આપણે કેટલીક વર્ગીકરણની પદ્ધતિઓ વિષેની ચર્ચા કરીશું. વિશેષતઃ યુનિવર્સલ ડેસિપલ ક્લાસિફિકેશન પદ્ધતિ જે ગ્રંથાલયોમાં જ્ઞાનના સંગઠન માટે પ્રાપ્ય છે.

આ એકમનો અભ્યાસ પછી તમે નીચેની બાબતોથી સક્ષમ બનશો.

- પ્રમુખ અસ્તિત્વ ધરાવતી સામાન્ય વર્ગીકરણ પદ્ધતિઓ જે આજે ઉપયોગમાં તેને વિષે જાણશો.
- તેની રૂપરેખા, મુખ્ય વર્ગો, સંજ્ઞા અને લક્ષણોની ખાસિયત, મર્યાદાઓ અને સમસ્યાઓ વિષે સમજવામાં,
- ગ્રંથાલય વર્ગીકરણના વિજ્ઞાનમાં તેઓના ઐતિહાસિક પ્રદાનો વિષે સમજણ મેળવશો.
- તમારા ગ્રંથાલય માટે યોગ્ય વર્ગીકરણ પદ્ધતિ પસંદ કરવાને તમને યોગ્ય ઠરાવશે.
- શૂક્ષ્મ-વિષયો (micro-subjects) અથવા માહિતીના વિશિષ્ટ સ્વરૂપો માટેની વિશિષ્ટ વર્ગીકરણ પદ્ધતિઓ વિષે સમજશો, અને
- આ ક્ષેત્રમાં સ્ટેટ-ઓફ-આર્ટમાં અને ભવિષ્યના પ્રવાહો વિષે તમને ડોકીયું કરવા મળશે.

## 3.1 પ્રસ્તાવના (INTRODUCTION)

એકમ-1માં માહિતીના બૌદ્ધિક સંગઠન (IOI)માં વર્ગીકરણ પદ્ધતિઓનું મહત્ત્વ વિષેનો અભ્યાસ તમે કરી દીધો છે, નીચેના વિભાગોમાં, કેટલીક સામાન્ય પદ્ધતિઓ જ્ઞાન વિશ્વને વ્યવસ્થિત કરવાને વિવિધ પદ્ધતિઓ કેવા પ્રયત્નો કરે છે. તેનો ખ્યાલ આપવાને, આપણે તેનાં લક્ષણો વિષે ચર્ચા કરીશું. તમે એ જાણો છો કે, 1876એ આધુનિક વર્ગીકરણના યુગનો આરંભ થયો, યુ.એસ.એ.માં પ્રકાશન સાથે વૈશ્વિક રીતે ડ્યૂઈ ડેસિમલ ક્લાસિફિકેશન (ડીડીસી) તરીકે જાણીતી છે. વર્ગીકરણની આ પદ્ધતિ ગ્રંથાલયના ફલકો ઉપર પુસ્તકોની ગોઠવણી માટે નવીન અને કાર્યક્ષમ પદ્ધતિ પૂરી પાડેલ છે અને ઘણાં કઠિન પ્રશ્નો ગ્રંથાલયો દ્વારા સામનો કર્યો છે તેને હલ કરી આપ્યા છે. ગ્રંથાલય વર્ગીકરણનો નવો યુગનો આરંભ સામાન્ય રીતે આધુનિક ગ્રંથાલયીત્વનો પણ એનાથી થયો એમ કહેવાય. આ વૃત્તાંત પ્રમાણે, ડીડીસીના શોધક, પ્રખ્યાત યુએસ ગ્રંથપાલ મેલ્વિલ ડ્યૂઈ (1851-1931), આધુનિક ગ્રંથાલયીત્વના પિતા કહેવાને યોગ્ય માન ધરાવે છે. DDCને પરિણામે ઘણી અન્ય વર્ગીકરણ પદ્ધતિઓ ડ્યૂઈની ઉણપો સુધારવા આગળ આવ્યા અથવા જ્ઞાન વ્યવસ્થાના વિકલ્પના અભિગમો અથવા સંજ્ઞાત્મક પદ્ધતિ અન્ય જૂથનો લાગુ પાડવાને પ્રયત્ન કર્યો. તે પછી અનેક સામાન્ય વર્ગીકરણ પદ્ધતિઓ સામાન્ય વર્ગીકરણ પદ્ધતિઓ બહાર પડી. આ તબક્કે જો કે એવો પ્રવાહ ચાલુ છે કે સામાન્ય વર્ગીકરણ બનાવવાને કોઈ દેખાતું નથી. કેટલીક પ્રખ્યાત ગ્રંથપાલ ચાર્લ્સ એ. કટર (1837-1903) રચેલી "એક્સ્પાનસીવ ક્લાસિફિકેશન" (1983)માં અને બ્રિટીશ ગ્રંથાલય જેમ્સ ડફ બ્રાઉન (1862-1914)ની "સબ્જેક્ટ ક્લાસિફિકેશન" (1906) હાલમાં બેઉ પદ્ધતિ મૃત્યપાય છે, તેના કારણોમાં રહેલી ભૂલો અથવા ઉપેક્ષા અથવા બેઉ હોઈ શકે છે. યુએસના પ્રખ્યાત ગ્રંથપાલ ફ્રેમોન્ટ એ. રાઈડર (1855-1962)ની "ઈન્ટરનેશનલ ક્લાસિફિકેશન" (1961) ગ્રંથાલય જગતે એની

અવગણા કરી. જો કે હમણાં તાજેતરમાં તેની રચના થયેલી, તે કાર્યરીતિ અને વિગતોમાં પ્રમાણમાં પ્રાથમિક કક્ષાની છે. એ બાબતમાં કેટલીક અન્ય સામાન્ય વર્ગીકરણ પદ્ધતિઓ બનાવી અને ઉપયોગ સ્થાનિક કક્ષાએ રહ્યો છે. હવે પછીના વિભાગમાં પ્રમુખ જીવંત સામાન્ય પદ્ધતિઓનો અભ્યાસ અહીં કરીશું. કેટલાંક વિશિષ્ટ ગ્રંથાલયો અને માહિતી કેન્દ્રો અને એ રીતે કેટલીક માહિતી પદ્ધતિઓ જે સુક્ષ્મ વિષયો અથવા વિશિષ્ટ પ્રકારના પ્રલેખો ધરાવે છે. તેવા સ્થાનોએ માહિતી વ્યવસ્થાના સાધનરૂપે વિશિષ્ટ વર્ગીકરણ પદ્ધતિનું મહત્ત્વ છે. કેટલીક વ્યક્તિઓ અને સંસ્થાઓએ અનેક વિશિષ્ટ વર્ગીકરણ પદ્ધતિઓ વિકસાવેલી છે. આ પદ્ધતિઓ સક્ષમ માહિતી વ્યવસ્થાને પોષવાને કાર્યક્ષમ માહિતી વ્યવસ્થા ઊભી કરવાને ઉપયોગમાં લેવાતી છે. આ એકમ સામાન્ય અને વિશિષ્ટ વર્ગીકરણ પદ્ધતિઓના લક્ષણો સદૃષ્ટાંત વર્ણવે છે.

## 3.2 ડ્યૂઈ ડેસિમલ ક્લાસિફિકેશન (ડીડીસી) યોજના (પદ્ધતિ) DEWEY DECIMAL CLASSIFICATION (DDC) SCHEME :

હાલમાં પહેલી અને સૌથી વધુ પ્રખ્યાત સામાન્ય વર્ગીકરણ પદ્ધતિ, મેલ્વિલ ડ્યૂઈ (1851-1931) દ્વારા 1876માં પ્રકાશિત થઈ હતી. આ પદ્ધતિ સમગ્ર જ્ઞાન વિશ્વને દસ મુખ્યવર્ગો માટે શુદ્ધ અને સરખું સંજ્ઞા-ભારતીય-અરબી અંકોને દશાંશ અંક તરીકે ઉપયોગ કર્યો. દશાંશ સંજ્ઞાકન નવા વિષય વંશાનુબદ્ધ રીતે કોઈપણ સ્થાને અનિશ્ચિતકાળ માટે સમાવવામાં મદદ કરે છે. પ્રલેખોનું સ્થાન સંબંધિત રહે છે, ચોક્કસ નહીં તેઓનું મહત્ત્વનું અન્ય પ્રદાનોમાં તેની સાપેક્ષ સૂચિ અને જ્ઞાનનું વિભાજન ‘વિદ્યાશાખા’ પ્રમાણે થાય છે. તે ત્રણ અધિકૃત એવી આવૃત્તિઓ અલગ વિગતોવાળી ત્રણ જુદી આવૃત્તિઓમાં સુલભ છે, સંપૂર્ણ આવૃત્તિ DDC-22 (2003), સંક્ષિપ્ત DDC-14 (2004) અને વિજાણુકીય આવૃત્તિ વેબ ડ્યૂઈને નામે ઓળખાય છે. અહીં આપણે DDC-19 પછી જે ફેરફારો થયા તેને વિષેની ચર્ચા કરીશું.

### 3.2.1 નવી આવૃત્તિ - ડીડીસી-22 (New Edition DDC-22) :

તમે BLIS કાર્યક્રમમાં DDC-19 આવૃત્તિ વિષેનો અભ્યાસ કરી ચૂક્યા છો. DDC હવે 22મી આવૃત્તિ સપ્ટેમ્બર 2003માં પ્રકાશિત થઈ હતી.

Dewey, Melvil : The Dewey Decimal Classification ang Relative Index devised by Melvil Dewey 22nd edited by Jhon S. Mitchell, et.w.Albany N.Y. : Forest Press/OCLC, 2003-4V, ISBN : 0-910608-70-9.

1988માં વિશ્વપ્રસિદ્ધ OCLC જે ડબલિન ઓહિયો, યુ.એસ.એ. દ્વારા ફોરેસ્ટ પ્રેસ મેળવી લીધું. આ પહેલા ફોરેસ્ટ પ્રેસ 1876માં ધી લેઈક પ્લેસીક ક્લબ એજ્યુકેશનલ ફાઉન્ડેશન સહાયક તરીકે ડ્યૂઈએ પોતે સ્થાપ્યું હતું. DDC-22 ચાર ગ્રંથસંપુટોમાં સમાવેશ થયેલી છે.

ખંડ-1 પ્રસ્તાવના અને સારણીઓ

ખંડ-2-3 અનુસૂચિઓ

ખંડ-4 સાપેક્ષસૂચિ અને માર્ગદર્શિકા

1984માં DDCની લાઈબ્રેરી ઓફ કોંગ્રેસ, વોશિંગ્ટન (યુએસએ)ની સંપાદકીય કાર્યાલય દ્વારા એડિસેરિયલ સપોર્ટ સિસ્ટમ (ESS) કમ્પ્યૂટરમાં નિવેશ પામી હતી. 20મી આવૃત્તિ (1989)એ પહેલી આવૃત્તિ છે જે ઓનલાઈન ડેટાબેઝ દ્વારા તૈયાર થઈ હતી. વર્ગીકરણ પદ્ધતિના, ડિઝાઈન, સંપાદિત કરવી, સુધારા અને વિકાસાવી માટે કમ્પ્યૂટરો દ્વારા એના ઘણા ફાયદાઓ છે. ESSનો પ્રમુખ ફાયદો એ છે કે પદ્ધતિ ત્રીણામાં ઝીણી અદ્યતન રાખી શકીએ, તેનો ઉત્પાદન કામ બે વર્ષમાંથી છ માસ સુધીનો તેનો ઉત્પાદન કામ બે વર્ષોમાંથી છ માસમાં સુધીનો ઘટાડી શકાસો. નવી આવૃત્તિઓની સમયાવલિ ઘટાડવી, વાર્ષિક વિજાણુકીય આવૃત્તિ, કિંમત અને આકાર અનેક કદમાં તેથી ઘણું જ પ્રચંડ એવા અમલીકરણ આવ્યું.

### 3.2.2 ડીડીસી 22મીમાં ફેરફારો (Changes in the DDC-22) :

DCC-22 (2003) તેના પુનરાવર્તનમાં થોડી રૂઢિચુસ્ત જોવા મળી, એમાં બહુ જોરદાર ફેરફારો કર્યા નહિ અથવા પૂર્વે ફોનિક્સ અનુસૂચિ તરીકે ઓળખાતાં તેમાં ઉમેર્યા. તેમ છતાં, તેમાં ઘણા નવા ફેરફારો, અહીં તહીં ઘણા ફેરફારો કર્યા છે. ઘણાં જૂના વિષયાંગોને વિસ્તાર્યા અને સાથે કેટલાંક માળખાગત/રૂપરેખાત્મક પરિવર્તનો કર્યા છે. પ્રમુખ સુધારાવો આ પ્રમાણે કર્યા છે :

004-006 કમ્પ્યૂટર વિજ્ઞાન, 200 ધર્મમાં ખ્રિસ્તી ધર્મ પ્રત્યેનું વિશિષ્ટ ઝોક ઘટાડ્યો. હવે (તુલનાત્મક) ધર્મ વિશિષ્ટ પાસાંઓ 291માંથી 201-209 ઉપર ખસેડ્યા. Blacks માટેના પ્રાથમિક ધર્મો વિસ્તાર્યા 305-306 સામાજિક જૂથોની પુનઃરચના કરી. 340 ફાયદા હવે સુધાર્યું. 1950થી 518એ ખાલી રાખ્યું હતું, એને આંકડાકીય પૃથક્કરણીય રસાયણના પાસાંઓ, એ (છૂટાં છવાયા) અગાઉ એ વેરવિખેર હતા, એને અહીં સાથે લાવવામાં આવ્યાં. વર્ગ 610એ ‘વૈદકશાસ્ત્ર અને આરોગ્ય’ એવું નવું મથાળું મળ્યું. વર્ગ તેમાં નવી પરિભાષાઓ પ્રયોજી. 930-990માં ઐતિહાસિક કામમાં સુધારાઓ કર્યા. સારણીઓ (ખંડ-1)ની 1થી3 સારણીઓ અદ્યતન બનાવી. સારણી 5 અને 6 વિસ્તારી તેમાં ‘અમેરિકન નેટીવ્સ (ઈન્ડિયનસ) એન્ડ લેંગ્વેઝસ’ તજવીજ કરી. સારીણી 7ને રદ કરી અને તેને અનુસૂચિઓમાં મેળવી દીધી. વ્યક્તિઓને લગતાં વર્ગઅંકોમાં કોઈ ફેરફાર થઈ શકશે નહિં. DDC-22ના સંપાદકોમાં એવો દાવો છે કે, અગાઉની આવૃત્તિઓ કરતાં આ આવૃત્તિ વર્ગીકરણની સારી ચોકસાઈ વધુ તીવ્રતાવાળી બનાવી છે.

### 3.2.3 વેબડ્યૂઈ (Web Dewey) :

DDC-21મી આવૃત્તિની ડ્યૂઈ વિન્ડોઝ માટે (Dfud) CD-ROM આવૃત્તિએ DDC-22 માટે વધુ સુલભ નથી. વિજાણુકીય આવૃત્તિના બદલવામાં Web Deway તરીકે ઓળખાતી એ હવે માત્ર ઈન્ટરનેટ ઉપર શોધી શકીએ. (લવાજમ ભરીને લાઈસન્સ મેળવવું પડે.) DDC-22નો ડેટાબેઝ આવૃત્તિ વેબ આધારીત તીવ્રતાવાળી છે, તેમાં ઘણાં વધારે નવીન લક્ષણો સાથે ઘણાં શોધખોળના પોઈન્ટ અ અને વિકલ્પો પ્રદર્શિત કરે છે, તે વેબ આધારિત DDC ડેટાબેઝ સાથેની વધારેલી આવૃત્તિથી ઓનલાઈન ડિલીવરી, જે સતત અદ્યતન બને છે. તે માઈક્રોસોફ્ટ ઈન્ટરનેટ નિરીક્ષક સાથે, તેની 4 અથવા ઉચ્ચકક્ષાની આવૃત્તિ અને નેટસ્કેપ નેવીગેટર આવૃત્તિ 4 × 300 MHz પેન્ટિયમ II સાથે 64 MB RAM તે વધુ સુસંગત છે. તે OCLCના ભાગરૂપે સૂચિકરણ અને ડેટા સેવા માટે અનુકૂળ છે. જે OCLC દ્વારા જ OCLC જોડાણવાળી સેવાઓ આપે છે. (http://connexion.OCLC.org)

### 3.2.4 ખ્યાતિ અને સમસ્યાઓ (Popularity and Problems) :

તેની ખામીઓ જ્યાં સુધી સંબંધ ધરાવે છે કે, ડીડીસી, જે હંમેશા તેનો સરળ અને પ્રાથમિક કક્ષાની સંજ્ઞા સાથે, નવા વિષયોને યોગ્ય સ્થાન ઉપર મૂકવાનો ખૂબ લંબાણવાળા વર્ગાંકો અને પશ્ચિમી વલણ ભાર લાદે છે. તેની ખામીઓ અને ભારે ટીકાઓ છતાં, તે 135 દેશોના 2,00,000 (બે લાખ) ગ્રંથાલયોમાં ઉપયોગમાં લેવાતી સૌથી વધુ ખ્યાતિ ધરાવતી પદ્ધતિ છે. યુએસએના 95% શાળા ગ્રંથાલયોમાં 25% શૈક્ષણિક ગ્રંથાલયોમાં અને 20% વિશિષ્ટ ગ્રંથાલયો તેનો ઉપયોગ કરે છે. તે 30 જેટલી ભાષાઓમાં તેના અનુવાદો થયા છે. જેમાં હિંદી, અરબી, ચાઈનીઝ, ફ્રેંચ, જર્મન, ગ્રીક, હિબ્રુ આઈસ લેન્ટીક, ઈટાલીયન, કોશિયન, નોર્વેજિયન ફ્રેંચ, સ્પેનીશ અને વિયેટનામીનો સમાવેશ થાય છે. DDC વિવિધ વ્યાપારી વાઙ્મયસૂચિઓ ઉપયોગમાં લે છે, ઈન્ડિયન નેશનલ બિબ્લિયોગ્રાફી સહિત 62 રાષ્ટ્રીય વાઙ્મયસૂચિમાં ઉપયોગ કરે છે. ડીડીસી વર્ગાંક

માર્ક રેપ્સ અને CIP ડેટામાં પ્રાપ્ય છે. નવા શરૂ થતા ગ્રંથાલયો મોટેભાગ તેઓના પુસ્કરોની ગોઠવણી ચારે ડીડીસીની પસંદગી કરે છે. આરંભથી લાઈબ્રેરી ઓફ કોંગ્રેસના સંસ્થાકીય મજબૂત પીઠબળ સતત સંવર્ધન, હમણાં ઓનલાઈન કમ્પ્યૂટર લાઈબ્રેરી સેન્ટર (OCLC) એ ઘણાં વ્યવસાયિકોની DDC ઉપરની પસંદગી સહજ સ્વીકાર્ય છે.

◆ **તમારી પ્રગતિ ચકાસો.**

1) ડીડીસીના સ્પષ્ટ વિશિષ્ટ લક્ષણોના નામ આપો.

2) વેબડ્યૂઈના - ફાયદાઓ કયાં છે ?

નોંધ : i) નીચે આપેલી જગ્યામાં તમારા ઉત્તરો લખો.

ii) એકમને અંતે આપેલા ઉત્તરો સાથે તમારા ઉત્તરો ચકાસો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

## 3.3 યુનિવર્સલ ડેસિમલ ક્લાસિફિકેશન (યુડીસી) યોજના (પદ્ધતિ) UNIVERSAL DECIMAL CLASSIFICATION (UDC) SCHEME :

જ્ઞાનના બધા જ ક્ષેત્રોને આવરી લેતી સામાન્ય વર્ગીકરણ પદ્ધતિ યુનિવર્સલ ડેસિમલ ક્લાસિફિકેશન (યુડીસી) એ વિશ્વભરમાં પ્રચલિત છે. તે પૃથક્કરણીય-સંયોજિત વર્ગીકરણ પદ્ધતિ છે, જેમાં વિભાવનાઓને સરળ વિભાવનાઓ (પૃથક્કૃત) તોડી નાંખને અને પછી ભેગાં (સંયોજન) કરવામાં આવે છે. યુડીસી વિવિધ સંદર્ભોમાં લાગુ પાડી શકીએ, જે અન્ય સામાન્ય વર્ગીકરણ પદ્ધતિઓ કરતાં તેમાં વધુ લવચીકતા હોય છે. પ્રલેખન અને માહિતી સેવાઓ માટે નિર્દેશીકરણ અને પુનઃપ્રાપ્તિના તરીકે એને વ્યવહારદક્ષ માન્યતા ધરાવતું સાધન છે.

### 3.3.1 ઐતિહાસિક પાર્શ્વભૂમિકા (Historical Background) :

યુડીસી (UDC) એ બે બેલજિયમ નિવાસી પોલ ચોકલેટ અને નોબેલ વિજેતા હેનરી લા ફોન્રેઈનનું માનસપુત્ર છે, તેઓએ 1855માં Reportoire Bibliographique Universal (રિપોરચીયેર બિબ્લિયોગ્રાફી યુનિવર્સલે) નામે ઓળખાતા પ્રકાશન માટે કામ કરવાનું શરૂઆત કરી હતી. ચોકલેટ અને લાફોન્ટેઈન તેઓએ પોતાની પદ્ધતિનો પાયો મેલ્વિલ ડ્યૂઈની ડ્યૂઈ ડેસિમલ ક્લાસિફિકેશન (DDC) બાંધ્યો, મેલ્વિલ તેમની પદ્ધતિનો પુસ્તકોને ફલક ઉપર ગોઠવણી પહેલી સંપૂર્ણ આવૃત્તિ 1905 અને 1907માં વચ્ચે ફ્રેંચ ભાષામાં પ્રકાશિત થઈ હતી. તેઓએ બ્રુસેલ્સમાં International de Bibliographic (IIB)ની સ્થાપી, જેઓએ યુડીસીના પ્રથમ પ્રકાશન હતા. 1937માં IIB પછી International Federation for Documentation (EID) બની અવેધી હેગ ખાતે ખસેડી. ત્યારપછી, FID એ તેનું નામ International Federation for Information and Documentation બદલ્યું. 1992માં UDC Consortium ની રચના થઈ ત્યાં સુધી યુડીસી (UDC)ની વ્યવસ્થા અને જાળવણી FID કેન્દ્રની હતી. યુડીસીની અધિકૃત ભાષાઓ તરીકે ફ્રેંચ, જર્મન અને અંગ્રેજી કાર્યકારી ભાષાઓ તેના આરંભ કાળથી છે. યુડીસીની વિવિધ આવૃત્તિઓ પ્રકાશિત થઈ હતી, જેવી કે સંપૂર્ણ આવૃત્તિ, મધ્યમ આવૃત્તિ, સંક્ષિપ્ત આવૃત્તિ અને વેબ આધારિત ઓનલાઈન ઈડિશન.

**3.3.2 યુડીસીની સહભાગીદારી (The UDC Consortium) :**

1992ના જાન્યુઆરી છે, હાલમાં UDC એ સ્વતંત્રપણે UDC Consortium (UDCC)ની મિલકત છે. UDCC એ માસ્ટર રેફરન્સ ફાઈલ (MRF) બહુભાષામાં જાળવે છે, જે તેના ડેટાબેઝમાંના બધી જ માહિતી (Data) જાળવે છે જે વિજાણુકીય સ્વરૂપની UDCની અનુસૂચિઓ રૂપે હોય છે. UDCC 'Extensions and Correction to the UDC' એ નામે વાર્ષિક સામાયિક પ્રકાશિત કરે છે. આ સામયિકમાં ઉપયોગકર્તાઓના લેખો અને સુધારેલા પ્રસ્તાવો અને માન્ય સુધારાઓ અને પુનઃસંવર્ધનનો સમાવેશ કરે છે. UDCC એ વેબ સાઈટ આલાન્ય માહિતી અને સુધારાની માહિતીની જાળવણી રાખે છે.

**3.3.3 યુડીસીની અંગ્રેજી આવૃત્તિ (English Editions of UDC) :**

બ્રિટીશ સ્ટાન્ડર્ડ ઈન્સ્ટીટ્યુટ (BSI) એ UDCની અંગ્રેજી આવૃત્તિઓ BS 1000 શ્રેણીરૂપે પ્રલેખો પ્રકાશિત કરવાનું શરૂ કર્યું છે. BSI હવે UDC બે સ્વરૂપો મુદ્રિત અને ઓનલાઈનમાં પ્રકાશિત કરે છે. યુડીસીની અંગ્રેજી

ભાષાની આવૃત્તિઓમાં BSI દ્વારા પ્રકાશિત થાય છે.

**i) UDCની સંપૂર્ણ આવૃત્તિ :**

UDCની સંપૂર્ણ આવૃત્તિ 2005માં પ્રકાશિત થઈ, જેમાં 65000 વધારે નોંધ ધરાવે છે અને એ બે ખંડોમાં પ્રાપ્ય છે. ખંડ 1 પદ્ધતિસરની સારિણીઓ અને ખંડ 2 વર્ણાનુક્રમસૂચિ છે. ખંડ 1માં મુખ્ય સારિણીઓ અને વધારાની સારિણીઓ આપેલી છે.

**ii) UDC મધ્યકક્ષાની આવૃત્તિ :**

UDC ની મધ્યકક્ષાની આવૃત્તિ (BS1000M) 1985માં પ્રકાશિત થઈ હતી અને એનું 1993માં પુનઃસંવર્ધન થયું, જેમાં 40,000થી વધુ નોંધો સમાયેલ છે. તે બે ખંડોમાં પ્રાપ્ય છે. ખંડ-1 પદ્ધતિસરની સારિણીઓ અને ખંડ-2 વર્ણનુક્રમ સૂચિ ખંડ-1માં મુખ્ય સારિણીઓ અને વધારાની સારિણીઓ સમાવેશ કર્યો છે.

**iii) UDCની સંક્ષિપ્ત આવૃત્તિ :**

UDCની તાજેતરની સંક્ષિપ્ત આવૃત્તિ, 2003માં પ્રકાશિત થઈ હતી, જે 4100 નોંધો ધરાવે છે. જે પૂર્વે UDC પ્રોકેટ આવૃત્તિ તરીકે ઓળખાતી હતી.

**iv) UDC ઓનલાઈન :**

UDC ઓનલાઈનએ UDCની વિજાણુકીય સંપૂર્ણ આવૃત્તિ છે. આ લવાજમ આધારિત અને વધારામાં વહેલાવું છે.

**3.3.4 યુડીસીની લાક્ષણિકતા અને રૂપરેખા (Features and Structures of the UDC) :**

UDC એ સમસ્ત નોંધાયેલ જ્ઞાનના ક્રમને આવરી લેતાં પ્રલેખોને વર્ગીકૃત કરવા માટેની વંશાનુબદ્ધ અને પદ્ધતિસરની યોજના છે. મુખ્ય સારિણીઓ સરળ અથવા પાયાના વિષયો માટેની ગણનાક્ષમ અનુસૂચિઓ ધરાવે છે. યુડીસી/UDC એ ઘણાં લક્ષણો રહેલાં છે, જેમાં તવીન્યતા અને અદ્વિતીય સ્વરૂપના છે. તેનામાં માત્ર સરળ વિષયો જ નહિ, પણ સંયુક્ત વિષયોની વચ્ચે રહેલા સંબંધો દર્શાવવાની કાર્યક્ષમતા રહેલી છે, DDCની જેમ જ્ઞાનનું વિભાજન દસ વર્ગોમાં વિભાગ્યું છે. દરેક વર્ગનું પેટાવિભાજન પદ્ધતિસર રીતે આગળ વધુ વિભાગોમાં દરેક પેટાવિભાગોને આગળ વધારીને પેટાવિભાગો પાડ્યાં છે. વધુ વિગતપૂર્ણ પેટા-વિભાગો, લાંબો અંક વર્ગને રજૂ કરે છે. DDCની જેમ, દશાંશ સંજ્ઞા દ્વારા આ શક્ય બનાવ્યું છે. સહાયકોની પ્રસ્તાવના-સામાન્ય અને વિશિષ્ટ એ UDC ની બીજી લાક્ષણિકતા છે, UDCના સહાયકો વિષયોના સંયોજન અથવા મુખકો વડે સંયુક્ત અંકો રચવાની મંજૂરી આપે છે. UDCએ જટિલ બાબતોનું પાસું

દર્શાવતું વર્ગીકરણ છે. અહીં ઘટનાઓનો આકાર જેમાંથી લેવાયો હોય તેને ગૌણ આધારિત હોય છે. ઘરના એક કરતાં વધુ વર્ગમાં હોઈ શકે, દાખલા રૂપે, ઉત્પાદનમાં, શિક્ષણ, ડિઝાઈન/આકૃતિ દોરવામાં, ધંધાની પ્રક્રિયા વગેરેમાં કમ્પ્યૂટરો.

UDCમાં નોંધાયેલ જ્ઞાનની સાથે સુસંગત રીતે સરભર કરેલ છે, જે સંબંધિત ભાગોમાં બંધાયેલી છે. આ વિશિષ્ટ વર્ગીકરણની તુલનામાં ભિન્ન દેખાતી પદ્ધતિ છે, જે જેમાં સંબંધિત વિષયોની સાથે ગૌણ રીતે વર્તવામાં આવેલ તેમ છતાં, તેઓ પોતાને રીતે સાચા છે એ એક મુખ્ય લાક્ષણિકતા હોઈ શકે છે.

મુખક પૃથક્કરણનો સિદ્ધાંત તેઓ સ્પષ્ટ નથી, યુડીસી રૂપરેખામાં અધિષ્ઠિત રહે છે.

**3.3.4.1 સંજ્ઞા :**

યુડીસી મહ્દઅંશે ભારતીય-અરબી અંકોનો ઉપયોગ કરે છે. દશાંશ અંકોનો ઉપયોગ કર્યો છે, કેટલીક અન્ય ચિહ્નો અને પ્રતિકો પુરવણીરૂપ પૂરા પાડ્યા છે. યુડીસી માટે જે પ્રતિકોની પસંદ કરેલ છે તે બીન-ભાષાકીય આધારિત અને વૈશ્વિક રીતે ઓળખી શકીએ તેવાં છે, આરંભમાં, યુડીસીમાં સહાયકો માટે કેટલાંક પ્રતિકો હતા, પછીની આવૃત્તિઓ કેટલાંક પ્રતિકો વધુ જટીલ અથવા સંયુક્ત વિષયોની પ્રતિનિધિત્વની સુવિધાને લઈને કેટલાંક પ્રતિકો ઉમેર્યા.

**3.3.4.2 યુડીસીની રૂપરેખા (BS1000M:1993) :**

યુડીસીની ખંડ-1 આવૃત્તિ પદ્ધતિસરની સારિણીઓ ધરાવે છે, દાત. મુખ્ય સારિકા અને વધારાની (સહાયક) તાબિકાઓ ખંડ-2એ યુડીસી મધ્યમ આવૃત્તિની વર્ણાનુક્રમ સૂચિ ધરાવે છે.

**મુખ્ય સારિણીમાં :** યુડીસીની મુખ્ય સારિણીઓ દસ મુખ્ય વર્ગોનો સમાવેશ કરેલ છે, જે સમગ્ર દસ્તાવેજીય જ્ઞાનનું પ્રતિનિધિત્વ કરે છે પણ હાલમાં નવ મુખ્યવર્ગો પ્રાપ્ય છે, જેમાં એક મુખ્ય વર્ગ ભવિષ્યમાં નવા વિષયોના સમાવેશ કરવાને ખાલી રાખેલ છે આ મુખ્યવર્ગો આ પ્રમાણે છે :

- 0 Generalities
- 1 Philosophy, Psychology
- 2 Religion, Theology
- 3 Social Sciences
- 4 (kept vacant at present)
- 5 Mathematics and Natural Sciences
- 6 Applied Sciences
- 7 Fine arts, Applied arts, Entertainment, Games, Sports
- 8 Language, Linguistics, Literature
- 9 Archeology, Geography, Biography, History

દરેક મુખ્યવર્ગના તેના તાર્કિક ભાગોમાં વિભાજન કર્યા છે, દરેક પેટાવિભાજન આગ વધુ પેટા વિભાગોમાં વિભાજીત કર્યા છે. વધુ વિગતપૂર્ણ પેટાવિભાજનો, તે લાંબા અંકોનું પ્રતિનિધિત્વ કરે છે. સરળતાથી વાંચવાને, લાંબા અંકોના સંજ્ઞાત્મક ઘટકોને 3 અંકોના એકમોમાં (.) પોઈન્ટ વડે તોડ્યાં છે, જેનું કોઈ મહત્ત્વ નથી. (દાત. 123.4 અથવા 123.456.7 અને એ રીતે આગળ) પણ DDCની જેવું નહિ, યુડીસી મુખ્ય વર્ગોની પ્રથમ કક્ષાએ અંતિમ અંકોમમાં પ્રથમ બે અંકો સુધી મુખ્ય વર્ગોમાં શૂન્ય અંકોમાં ઉપયોગ કરતી નથી (દાત. 5,51 ડીડીસીમાં 500,510 એને અનુસરતા અંકો માટે) આ ઉદાહરણ તમને નીચે દર્શાવ્યા પ્રમાણે યુડીસીની વંશાનુબદ્ધ રૂપરેખાનો ખ્યાલ આપે છે, મુખ્ય સારિણીઓ વર્ણવેલી છે :

| | |
|---|---|
| 3 | Social Sciences |
| 37 | Education, Teaching, Training, Leisure |
| 378 | Higher Education, Universities, Academic Study |
| 378.1 | Organisation of higher education |
| 378.11 | Organs and managment of universities, etc. |
| 378.112 | Governing bodies, Council, Senate |

આ રીતે વર્ગીકરણ અંકો મુખ્ય વર્ગોથી સાંકડા વિષયો સુધી રચવામાં આવે છે, અને પછી પૃથક વિચારો સહાયકોનો ઉપયોગ કરીને ભેગા કરવામાં આવે છે.

**સહાયક સારણીઓ :** યુડીસીમાં સહાયકોના બે પ્રકારોના હોય છે; સામાન્ય અને વિશિષ્ટ સામાન્ય સહાયકો સામાન્ય રીતે ફરીફરી વાપરી શકાય તેથી ખાસિયતોની સાથે સંબંધ ધરાવે છે, જેવા કે કાળ, ભાષા વગેરે. વિશિષ્ટ સહાયકો પેટાવિભાજનો સ્થાનિક રીતે ફરી ફરી સ્થાનિક ખાસિયતો દર્શાવે છે.

**સામાન્ય સહાયક સારિણીઓ :** સામાન્ય સારણીઓ સંબંધો અથવા વિભાવનાઓ માટેની સંજ્ઞા પૂરી પાડે છે. સામાન્ય સહાયક પેટાવિભાજનોએ આંકડાકીય સારણીઓ છે, જેમાં વિભાજનાઓ ગણનાક્ષમ હોય છે અને વંશાનુબદ્ધ રીતે ગોઠવાયેલી હોય છે. સામાન્યી સહાયક સારણીઓ વિવિધ વિભાવનાઓ અથવા વિચારો અથવા મુખકોને વિવિધ પ્રતિકોને પોતાનામાં સમાવેશ કરીને ઉપયોગ કરે છે. 1993ની UDCની મધ્યમ આવૃત્તિ અનુસાર સામાન્ય સહાયક સ્મરણીઓ તેઓના અમલીકરણ સાથે નીચે પ્રમાણે ચર્ચાઓ કરી છે :

**સારણી Ia સહ-સંયોજન ઉમેરણ :**

1a સહાયકોમાં ‘t’ (વત્તા) અને ‘/’ ત્રાસી રેખાના ચિહનો વર્ગોમાં સહસંયોજન અથવા ઉમેરવા માટે સૂચવવા તે ઉપયોગમાં લેવાય છે.

‘t’ (વત્તા)નું ચિહન બે અથવા વધુ અલગ પાડવાને, પણ બીન-સળંગતા માટે જોડવામાં આવે છે, UDCના અંકો સંયુક્ત વિષય માટે એક અંકનું અસ્તિત્વ ધરાવતું નથી. ઉદાહરણ

(540+510) India and China

51+53 Mathematics and Physics

‘/’ (ત્રાંસીરેખા) ચિહ્ન UDCના પહેલા અને અંતિમ સળંગ નંબરોને વ્યાપક વિષય અથવા વિભાવનાઓનો વિસ્તાર દર્શાવવા માટે જોડાવામાં આવે છે, જેને તરીકે ઓળખાય છે. ઉદાહરણ

(4/6) A group of Europe, Asia and Africa

592/599 Systematic Zoology (Class 592 to 5999)

**સારણી Ib સંબંધ, પેટા-જૂથીકરણ, ક્રમ-નિશ્ચિત :**

સહાયકોમાં ‘:’ (વિસર્ગ : Colon), ‘[ ]’ ચોરસ કૌંસ અને બેવડા ‘: :’ વિર્સય (Ourlrle Colon) ચિહ્નો સંબંધ, જૂથીકરણ અથવા ક્રમ નિશ્ચિત કરવાનું સૂચવે છે.

UDC/યુડીસી અંકો ‘:’ વિસર્ગ (Colon) ચિહ્નના સંયોજન દ્વારા બે અથવા વધુ વિષયો વચ્ચે સંબંધો સૂચિત કરે છે. ‘t’ (વત્તા) અને ‘/’ (ત્રાંસી રેખા) જેવું નહિ, ‘:’ વિસર્ગ સંબંધોને વિસ્તારવાને બદલે મર્યાદિત કરવા માટે વિષયોને જોડે છે. આ સંજ્ઞા બીજી રીતે બંન્ને બાજુએ ઉલટ-સૂલટ કરી શકીએ છે, જેમ કે A:Bને B:A તરીકે અભિવ્યક્ત થઈ શકે છે. ઉદાહરણ

316.64:342 Social view in public law

જો જરૂરી હોય તો, એને આ રીતે અભિવ્યક્ત કરી શકીએ છીએ 342:316.64. એ જ રીતે,

7:17 Art in relation to ethics

': :' બેવડા વિસર્ગ ચિહ્નોએ બે અથવા વધુ વિષયો વચ્ચે સંબંધ સૂચિત કરવાને UDC અંકો તેઓને જોડવામાં આવે છે, પણ તે સંયુક્ત વિષયોના ઘટક અંકોને નિશ્ચિત કરવાને માટે જ ઉપયોગમાં લેવાય છે. સંજ્ઞા પાના બીજી બાજુના ઉલ્ટાવી શકતા નથી, જેમ કે, A:B ને B:A તરીકે અભિવ્યક્ત કરી શકાતા નથી. ઉદાહરણ

77.044::796 Sports Photography

[ ] (ચોરસ કૌંસ) ચિહ્ન પેટા-જૂથીકરણ યુક્તિ તરીકે વાપરી શકીએ છીએ, જે યુડીસી અંકોના જટિલ સંપાદન માટે તેની જોડવામાં આવે છે, જે ઘટકોના સંબંધને સ્પષ્ટ કરવાનો આદેશ કરે છે. જ્યારે વિષયો બે અથવા વધુ UDCના અંકો દ્વારા સૂચિત થતાં હોય તો પેટા-જૂથીકરણની આવશ્યકતા રહેતી હોઈ શકે, યુડીસીના બધા જ અંકો 't' '/' અથવા ':' ચિહ્નો દ્વારા સાંકળવામાં આવે છે. ઉદાહરણ

783:[283/289] Protestant Church Music

**સારણી IC ભાષાના સામાન્ય સહાયકો :**

સારણી IC ભાષાઓની સંજ્ઞાઓના કોઠાઓ છે. વિશિષ્ટ ભાષા દર્શાવવા ભાષાના અંકની પહેલાં = (બરાબરનું ચિહ્ન)નો ઉપયોગ થાય છે. ઉદાહરણ

=214.21 Hindi

51=214.21 Mathematics in Hindi language

**સારણી 1d સ્વરૂપના સામાન્ય સહાયકો :**

સારણી 1d માં પ્રલેખીય સ્વરૂપોની સંજ્ઞાઓ કોઠાઓની ગણના કરેલી છે. (0.) વિશિષ્ટ પ્રલેખીય સ્વરૂપો સૂચિત કરવા માટે (0..) કૌંસમાં શૂન્ય સંજ્ઞાનો તેની સાથે ઉપયોગ કરવામાં આવે છે. ઉદાહરણ

(031) Encylopedia

5/6(031) Encyclopedia of Science and Technology

**સારણી Ie સ્થળના સામાન્ય સહાયકો :**

સારણી Ie સ્થળની સંજ્ઞાઓના કોઠા છે. વિશિષ્ટ સ્થળ સૂચિત કરવાને માટેની સંજ્ઞા (1/9) સ્થળ સાથે ઉપયોગમાં લેવાય છે. ઉદાહરણ

(1-11) Eastern

(261.268) English Channel

(541.23) West Bengal

37(541.23) Education in West Bengal

**સારણી If જાતિ જૂથો અને રાષ્ટ્રીયતાના સામાન્ય સહાયકો :**

સારણી Ifમાં જાતિજૂથો અને રાષ્ટ્રીયતા માટેની સંજ્ઞાઓના કોઠાઓ છે. (= ...) સંજ્ઞા વિશિષ્ટ જૂથ અથવા રાષ્ટ્રીયતા દર્શાવવા માટે એ માટેની સંજ્ઞા સાથે ઉપયોગમાં લેવાય છે. ઉદાહરણ

(=1.540) Indian

(=1.4) European

(=1.253) Forest dewellers

**સારણી 1g કાળના સામાન્ય સહાયકો :**

સારણી 1g કોઠામાં તારીખ, સમય અથવા કાળનો વિસ્તાર, સૂચિતા કરતી

સંજ્ઞાઓ આપેલી છે. "..."એ સંજ્ઞા વિશિષ્ટ તારીખ અથવા કાળ દર્શાવવા માટે એની સાથે ઉપયોગમાં લેવાય છે. ઉદાહરણ

"20" Twenty first century

5"20" Science in the twenty first century

"3453" Evening

**સારણી Ih બીન-UDC સંજ્ઞા દ્વારા વિગતવાર વર્ણન :**

(દાત. 1/9, A/Z)

Ih સહાયકો * સંજ્ઞા 1/9 અંકો અથવા A/Z વર્ણાનુક્રમ સંજ્ઞા એ બેમાંથી કોઈપણ એક સાથે બીન-યુડીસી સ્રોતોમાંથી વિશિષ્ટ વિભાવના અથવા વસ્તુને દર્શાવવા ઉપયોગ કરે છે. ઉદાહરણ

523.44*433 Minor planet Eros (IAU authorised number for Eros is 433)

625.711(540)*NH8 Road engineering with special referance to Indian national highway number 8

**સારણી Ii દૃષ્ટિબિંદુના સામાન્ય સહાયકો :**

સારણી Ii દૃષ્ટિબિંદુ માટેના કોઠાઓ ગણાય છે. ચિહ્ન (.00...) સંજ્ઞા સાથે વિષય અથવા વિભાવના સાથે દૃષ્ટિબિંદુ દર્શાવવા ઉપયોગમાં લેવાય છે. ઉદાહરણ

.003 Economic point of view

6.003 Economic point of view of Technologis and Applied Science

.002.6 Product point of view

688.322.002.6 Digital computer as a product

**સારણી Ik સામગ્રીઓ, વ્યક્તિઓ અને વૈયક્તિક ખાસિયતોના સામાન્ય સહાયકો :**

સારણી Ik પદાર્થો, સામગ્રી, વ્યક્તિઓ અને વૈયક્તિક ખાસિયતો માટેની સંજ્ઞાઓનો આ કોઠો છે. સહાયક ચિહ્ન-03 વસ્તુઓની સામગ્રી અથવા ઉત્પાદન અથવા વસ્તુ દર્શાવવા માટેનું છે. આ સહાયક એ પદ્ધતિસરની સારણી જે વિગતોમાં મંત્રમુગ્ધ કરે છે. ઉદાહરણ

-033.52 Crystal glass

730-033.52 Sculpture using crystal glass

-035.54 Furs

-05 સહાયકો વ્યક્તિઓ સાથે સંકળાયેલી અને વૈયક્તિક ખાસિયતો સૂચિક કરે છે. આ સાહયકોનું પદ્ધતિસરનું સારણી જે વિભાગોમાં મંત્રમુગ્ધ કરે છે. ઉદાહરણ

-058.856 Foster parents

-057.81 Illiterates

730-057.81 Sculpture, made by illiterate persons

**Table 3.1: Symbols of Common Auxilliaries at a Glance**

**સારણી 3.1: વર્ગોના સામાન્ય સહાયકો**

| Symbol | Used for | Associated with |
|---|---|---|
| + | Coordination/Addition | Table Ia |
| / | Consecutive extonsion | Table Ia |
| : | Simple Relation (May be reserved) | Table Ib |
| :: | Order Fixing (Cannot be reserved) | Table Ib |
| [...] | Sub-grouping | Table Ib |
| = | Language | Table Ic |
| (0...) | From | Table Id |
| (1/9) | Place | Table Ie |
| (=...) | Ethnic Grouping and Nationality | Table If |
| "..." | Time | Table Ig |
| * | Notation from non-UDC sources | Table Ih |
| A/Z | Direct alphabatical specification | Table Ih |
| .00 | Point of view | Table Ii |
| -03 | Materials | Table Ik |
| -05 | Persons and personal characterics | Table Ik |

**વિશિષ્ટ સહાયક પેટાવિભાજનો :**

વિશિષ્ટ સહાયક પેટાવિભાજનો -1/-9, .01/.09 અને '0/'9 ઉપયોગ કરે છે. તેઓની વ્યાપ્તિ મર્યાદિત છે. દરેક શ્રેણીઓ ફરીફરીને આવતી વિભાવનાઓને લઈને ઉપયોગમાં લેવાય છે, જે મુખ્ય સારણીઓના ભાગરૂપે, જે રચાયેલી અને અનુસૂચિઓ અથવા ચોક્કસ અન્ય વિભાગોમાં, જ્યાં અનુસૂચિ વિશિષ્ટ રીતે સૂચિત કરેલી હોય છે. વિશિષ્ટ સહાયકો હંમેશા અનુસૂચિ આધારિત હોય છે, અને ચોક્કસપણે જણાવ્યું હોય તે સિવાય અન્ય વર્ગો માટે લાગુ પાડી શકાતા નથી.

વિશિષ્ટ સહાયક પેટાવિભાજનોએ પણ ત્રણ પ્રકારોની સંજ્ઞા પ્રયોજી છે.

**i) સંયોગ ચિહ્નની શ્રેણી :** -1/-9 (દાત. -1 to -9) એ મુખ્યત્વે કાર્યમાં પૃથક્કરણીય અથવા ભેદ/વિભિન્નતા દર્શાવે છે. આ ઘટકો, ભાગો, વસ્તુઓ અને વિષયની અન્ય વિગતો જેને તેઓ પૂરી પાડે તે મુખ્ય અંકોનો નિર્દેશ કર્યો હોય છે.

Example: 82-1/-9 English Literary forms, genres

82-1 English Poetry. poems. Verse

**ii) પોઈન્ટ-નોટશ્રેણીઓ :** 0.1/.09 (જેમ કે .01 થી .09) ઓ વિભાવનાઓમાં ફરી ફરી જેવા મળતી વસ્તુઓને જથ્થો અને પેટાજથ્થામાં પૂરો પાડે છે, જેમ કે, અભ્યાસોનું પાસું, પ્રક્રિયાઓ, કાર્યસ્થિતિ, સાધનસામગ્રી, અને સાધનો

528 Geodesy. Surveying. Photogrammetry. Cartography

528.01 Preparatory work. Making of stations. Signal construction

**iii) ઉલ્ટાવેલું અલ્પવિરામ શ્રેણીઓ :** '0/'9 (દાત. '0 થી '9) આનો ખાસ વિશિષ્ટ સંજોગોમાં જ ઉપયોગમાં લેવાય છે, -1/-9 અને .01/.09 પછી આ ઘણી બધીવાર સંયોજન અથવા એકત્રીકરણ કાર્યમાં લેવાય છે અને સંયુક્ત વિષયોના સંયુક્ત વિષયો દ્વારા સૂચિત કરવામાં આવે છે, ઉદાહરણ

Example: 669 Metallurgy

669.35’5’6 Copper-zinc-tin alloys

(derived from 669.35, 669.5 and 669.6)

**- સમાન્તર પેટાવિભાજનો :**

જ્યારે વર્ગીકરણનો એકભાગ વિભાગ તેની જેમ અન્ય ભાગ વિભાગો ત્યારે તે સૂચવતું પ્રતિક ≈

Example

611.11./.14≈616.11/.14 Principal divisions of Anatomy are similar to principal divisions of special pathology

**- વળીજુઓ સંદર્ભો :**

યુડીસીમાં સંદર્ભ પ્રતિક જમણું તીર (→) આપેલા વિષય સંબંધી પાસાંઓ તરફ ધ્યાન દોરવાને ઉપયોગમાં લેવાય છે, દાત. આ પ્રતિક ‘વળી જુઓ’ (See also) સંદર્ભ સૂચવે છે.

Example:

55→502.6 Earth Sciences

See also Landscape

**3.3.5 ગોઠવણીનો ક્રમ (Filing Order) :**

ફાયલીંગ (ગોઠવણી)ના ક્રમની જરૂરિયાત રહે છે. તેના હેતુઓ જેમ કે ગોઠવણી અથવા ગ્રંથાલયના સંદર્ભમાં ફલક ઉપર પુસ્તકોનો ક્રમ અથવા OSACમાં પદ્ધતિસર પ્રદર્શિત કરવા યુડીસીના ફાઈલ ક્રમનો આધાર તેના પ્રતિકો છે. જે સામાન્યથી વિશિષ્ટ તરફ પ્રગતિનો છે. સ્વતંત્ર સહાયકો પહેલાં ગોઠવાય છે. અદક્રમણવૃત્તિવાળા સહાયકોના કેટલાંક અંકો ( ) સરળ ઘટક અંકોથી પહેલાં આવે. પછી સહાયકો સાથેના અંકોને પ્રત્યય તરીકે આવે છે. સારણી 3.2 સરળ અને સંયુક્ત અંકો બેઉના ફાઈલમાંથી (ગોઠવણીનો ક્રમ દર્શાવે છે.)

**સારણી 3.2 ગોઠવણીનો ક્રમ**

**Table 3.2: Filling Order**

| | Symbol | Examples | |
|---|---|---|---|
| Independent auxiliaries | = | =211 | Sanskrit Language |
| | (0...) | (0.035.23) | Microfiche |
| | (1/9) | (540) | India |
| | (=...) | (=1.540) | Indian |
| | “...” | “20” | 21st Century |
| | + | 622.341.1+669.1 | Iron ore mining and ferrous metallurgy |
| | / | 622.341.1/.2 | Mining of iron ores and manganese ores |
| | Simple Number | 622.341.1 | Iron ore minig |
| Auxiliaries as suffixes | : | 622.341.1:338.58 | Economic costs of iron ore mining |
| | :: | 622.341.1::338.58 | Economic costs of iron ore mining |
| | = | 622.341.1=214.21 | Documents in Hindi on iron ore mining |
| | (0...) | 622.341.1(035) | Handbook of iron ore mining |
| | (1/9) | 622.341.1(1-925.36) | Iron ore mining in the Himalayas |
| | (=...) | 622.341.1(=1.1.253) | Iron ore mining mining amongst forest-dewellers |

| | | |
|---|---|---|
| "..." | 622.341.1"6987" | Iron ore mining in the late Iron Age |
| * | 622.341.1*$Fe_2O_3$ | Iron ore mining of red hematie ($Fe_2O_3$) |
| A/Z | 622.341.1GEO | Gothite iron ore mining |
| .00 | 622.341.1.002.68 | Scraps from iron mining |
| -0 | 622.341.1-057.21 | Skilled workers in iron ore miming |
| -1/-9 | 622.341.1-78 | Protective devises and measures in iron ore mining |
| .0 | 622.341.1.03 | Geological character in iron ore deposits |
| ' | 622.341.1'17 | Tailing, waste and residuce from iron ore mining |
| Next simple Number | 622.341.11 | Magnetite-hematite ore mining |

### 3.3.6 ઉધ્ધૃત ક્રમ (Citation Order) :

ઉધ્ધરણક્રમ કોઈપણ વર્ગીકરણ પદ્ધતિના નિયમો અને પરંપરા અનુસાર યુડીસીની અનુસૂચિઓમાંની વિભાવનાઓને પ્રદર્શિત કરવાના હેતુથી સંચાલન કરે છે. ગોઠવણી ઘણે ભાગે જાણીતા/જ્ઞાન માનક ઉધ્ધકરણ ક્રમનો ઉપયોગ કરે છે. માનક ઉધ્ધકરણક્રમએ રેખાકૃતિ આપે છે. દાત.

વસ્તુ-પ્રકાર-ભાગ-વસ્તુ-પદાર્થ-પ્રક્રિયા-કાર્યરીતિ-એજન્ટ-સ્થળ-કાળ

**Thing-kind-part-material-property-process-operation-agent-space-time**

યુડીસી રેખાકૃતિને અનુસરે છે, પણ તેમાં એવી વ્યવસ્થા હોય છે સ્થાનિક આવશ્યકતાઓ સાથે મેળ પડે એવો ઉધ્ધરણક્રમ સ્વીકારે છે.

જો તમે અમુસૂચિમાં 524માં જોશો તો, તમે નીચે દર્શાવેલ ઉધ્ધકરણ ક્રમ પ્રત્યે તમારું ધ્યાનમાં આવશે, જે નીચે દર્શાવેલ છે :

| | | |
|---|---|---|
| Things | 524 | Universe. Stars, etc. |
| Kinds | 524.31.01 | Super giant stars |
| | 524.31.02 | Giant stars |
| | 524.31.03 | Subgiant stars, etc. |
| Parts | 524.6 | The Galaxy |
| | 524.63 | Local region the Galaxy |
| | 524.64 | Galactic centre, etc. |
| Materials | Not applicable | |
| Properties | -3 subdivisions | Properties and phenomena |
| Processes | -4 subdivisions | Processes of bodies and systems |
| Operations | -1 subdivisins | Mode of treatment. Working methds, etc. |
| Agents | 520 | A stronomical instruments and tech niques |

ઘણાં પ્રકારની વિભાવનાઓ માનક ઉધ્ધરણક્રમની અંદર ઓળખી શકીએ છીએ, જે ઉપર દર્શાવેલ છે, જે ઘટકો વિદ્યાશાખાને યોગ્ય ન હોય તેમાં અપ્રાપ્ય હોય અથવા ગેરહાજર હોઈ શકે.

### 3.3.7 યુડીસી પદ્ધતિના ગુણો (Qualities of the UDC Scheme) :

યુડીસીએ પૃથક્કરણીય-સંયોજિત વર્ગીકરણ પદ્ધતિ જે વિશ્વભરમાં પ્રસિદ્ધ છે અને ગ્રંથાલયો, સંગ્રહાલયો, દફ્તર ભંડારો, વાઙ્મયસૂચિવાળા માહિતીપાદો (ડેટાબેઝ), માહિતી સેવાઓ અને ઈન્ટરનેટમાં ઉપયોગમાં લેવાય છે. તે ઘણાં ગુણો અને કારણોને લઈને વિશ્વભરમાં સ્વીકાર્ય બની. એના સારાંશરૂપે નીચે દર્શાવેલ છે.

i) સ્વરૂપમાં યુડીસીએ ઘણી જ લવચીક છે.

ii) ડીડીસીની જેન યુડીસી સંપૂર્ણ, મધ્યમ, સંક્ષિપ્ત અને વેબરૂપે પ્રકાશિત થયેલી છે, જે ગ્રંથાલયો તેઓની જરૂરિયાત અનુસાર ઉપયોગમાં લે છે.

iii) યુડીસીનો અમલ અન્ય ભાષાઓ અને લિપિઓમાં સારી રીતે લાગુ પાડી શકીએ છીએ. એની સંજ્ઞાઓ બધી જ ભાષાઓની મુશ્કેલીઓને અતિક્ષમી જાય છે.

iv) તેમાંની અનેકવિધ વિષયોના જ્ઞાનોનો સમાવેશ કરતી આ પદ્ધતિ ગ્રંથાલયો, સંગ્રહાલયો, દફ્તર ભંડારોમાં પ્રલેખન કેન્દ્રોમાં અને ઈન્ટરનેશનલ જેવાં વૈવિધ્યપૂર્ણ ક્ષેત્રમાં ઉપયોગમાં લેવાય છે, જે માત્ર ફલક ગોઠવણી માટે અથવા સંગ્રહને પ્રદર્શિત કરવાને, પણ માહિતી પુનઃપ્રાપ્તિ અથવા જે રીતે મેટાડેટા.

v) યુડીસી નિયમિતપણે અને જ્યારે નવાં વિષયો અથવા વિચારો આવે છે ત્યારે અદ્યતન રાખવામાં આવે છે. UDCC વાર્ષિક સામયિક પ્રગટ કરે છે, જે નવા વર્ગો, સુધારેલી આવૃત્તિ અને કોઈપણ બાબત કમી કરી શકે છે. તે વિષેની આપણને માહિતગાર કરે છે.

vi) યુડીસી સરળ વિષયો, સંયુક્ત વિષયો, જટીલ વિષયો અને પૃથકવિચારો તદ્દન કાર્યક્ષમ રીતે હાછ ઘરે છે. પૃથકવિચારોનું જૂથ મળીને વિષય ઘણો પદ્ધતિસર અને લવચીકતાક્ષી છે.

vii) UDCમાં વિષયોનું પૃથક્કરણ સંદર્ભ પ્રમાણેનું સંભવ છે, જે વ્યક્તિગત સંસ્થાની આવશ્યકતાઓ ઉપર આધારિત પ્રલેખો સહેલાઈથી મળી જાય તેવું નિદાન કરે છે.

viii) યુડીસીની જાળવણી કરવી સહેલી છે, જ્ઞાનમાંની પ્રગતિઓ સમાવેશ કરે, વિભાવનાઓ અથવા સરળતાથી નવાં સંયોજન અંકોનું સર્જન થાય, જે નવા અંકોની જરૂરિયાત સામાન્ય સંપાદકીય કરારની માંગ વિના તેના સુધી પહોંચવું.

ix) સંક્ષિપ્ત સ્વરૂપ અને શબ્દાવલીને કારણે તે સરળતાથી અદ્યતન બની રહી છે અને વિશ્વભરમાં માનક નિર્દેશીકરણ તરીકે શક્તિમાન બનાવે છે.

x) UDCની અંદર ઘણી વિભાવનાઓ જે નવી દેખાય છે. તે વાસ્તવમાં એકવારની અસ્તિત્વનું એકત્રીકરણ છે.

xi) UDCની આશ્ચર્ય પચાડતી લવચીકતાની ખાસિયત સાથે કમ્પ્યૂટરના ડિજિટલ ફોર્મેટ જોડાણ (ઈન્ટરફેસ) પુરું પાડે છે.

xii) UDCC માસ્ટર રેફરન્સ ફાઈલ નિભાવે છે એ વ્યાપક સ્વરૂપની અને નિયમિત સમયાંતરે અદ્યતન રાખે છે.

UDC પદ્ધતિ પૃથક્કરણીય સ્વરૂપની જે તેને ઘણી જ લવચીકતાવાળી સગવડભરી બનાવે છે. તેમ છતાં, આ પદ્ધતિ સંપૂર્ણ મુખકીય નથી, એ તેની શક્તિશાળી સગવડ છે. જે અન્ય કોઈપણ વર્ગીકરણના ભાગ સાથે જોડવાની મંજૂરી આપે છે. UDCએ જુદાં સંદર્ભોમાં લાગુ પાડી શકાય છે અને વિશિષ્ટ ગ્રંથાલયો અને માહિતી કેન્દ્રોમાં ભિન્ન રીતે લાગુ પાડી શકાય છે. વર્લ્ડ વાઈડ વેબ

ઉપરની વેબસાઈટો અને ઓનલાઈન કેટલોગોમાં ઉપયોગ માટે જોથીપૂર્ણ રીતે તૈયાર કરેલ છે.

◆ **તમારી પ્રગતિ ચકાસો.**

3) યુડીસીમાંની જુદી જુદી અંગ્રેજી આવૃત્તિઓના નામ આપો.

નોંધ : i) નીચે આપેલી જગ્યામાં તમારા જવાબો લખો.

ii) એકમને અંતે આપેલા ઉત્તરો સાથે તમારા ઉત્તરો ચકાસો.

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

## 3.4 લાઈબ્રેરી ઓફ કોંગ્રેસ ક્લાસિફિકેશન (એલસીસી) પદ્ધતિ : LIBRARY OF CONGRESS CLASSIFICATION (LCC) SCHEME :

નામમાંથી સ્પષ્ટ જણાય છે કે, આ પદ્ધતિ (1904 પછીથી) વિકસાવેલી છે, જે લાઈબ્રેરી ઓફ કોંગ્રેસ, વોશિંગ્ટન ડીસી દ્વારા ઉપયોગમાં લેવાતી હતી લાઈબ્રેરી ઓફ કોંગ્રેસ હકીકતે, યુએસનું રાષ્ટ્રીય ગ્રંથાલય, જે ગ્રંથાલય છે. તેની પાસે હાલમાં 90લાખની વાચનસામગ્રી છે. 1897માં તેનાં વર્તમાન ભવનમાં ખસેડવામાં આવ્યું હતું. તે વખતના ગ્રંથાલય હર્બર પુટનામ (1861-1955) એવું નક્કી કર્યું કે તેની પોતાની જ નવી પદ્ધતિનો ઉપયોગ કરવો. L.C. એ આ કામની જવાબદારી 1898માં ચાર્લ્સ મર્ટેલ (1860-1945) અને જેસીએમ હાન્સને સોંપી હતી. આ પદ્ધતિ કંઈક અંશે સી.એ.કટરની એક્સપાનસિલ ક્લાસિફિકેશન (1893) પાયા ઉપર આધારિત હતી. તેમાં 21 વર્ગોમાં 29 ભાગો, 48 ખંડોમાં અંદાજે 11,000 પૃષ્ઠોમાં પથપાયેલી/ફેલાયેલી છે. આ પદ્ધતિ શ્રેણીબદ્ધ સહનિર્દેશી અનુસૂચિઓનો સમાવેશ કરે છે. દરેક પ્રમુખ વર્ગ વાસ્તવમાં સ્વતંત્ર છે તેની સાથે તેના પોતાના સ્વરૂપ અને ભૌગોલિકતા વિભાજનો અને સૂચિ (index) છે. આ પદ્ધતિ શુદ્ધ ગણનાક્ષમ છે; એટલે કે વર્ગાંકો તૈયાર મળે અને તેમાં થોડી સંયોજનની વ્યવસ્થા છે. તેની અન્ય મુખ્ય ખાસિયતોમાં એની સાહિત્યાદેશ આધારિત છે. લાઈબ્રેરી ઓફ કોંગ્રેસ જે કંઈ પ્રાપ્ય તેના આધારે સહજ રીતે વર્ગોના વિકાસ કર્યો છે. જ્ઞાન વિશ્વનો નકશો કોઈ સૈદ્ધાંતિક નથી. Classification plus નામે તે CD-ROM પણ પ્રાપ્ય છે. CD આવૃત્તિમાં અનુસૂચિઓ સાથે લાઈબ્રેરી ઓફ કોંગ્રેસ સબજેક્ટ હેડિંગ્સ (LCSHS) એકત્રિત કર્યા છે અને ઘણાં બધા શોધ લક્ષ્યો પૂરા પાડેલી છે.

### 3.4.1 યોજના (The System) :

- તેની અદ્યતન આવૃત્તિએ છઠ્ઠી આવૃત્તિ (1990) છે.
- લાઈબ્રેરી ઓફ કોંગ્રેસના સબ્જેક્ટ કેટલોસીંગ ડિવીઝન
- પ્રક્રિયા સેવાઓ : એલસી ક્લાસિફિકેશન આઉટ લાઈન
- 6th આવૃત્તિ, વોશિંગ્ટન ડીસી : LC 1990 ISBN 0-8444-068

મુખ્યવર્ગો આ છે :

| | |
|---|---|
| A | Generalia |
| B | Philosophy |
| C/F,G | History and Geography |
| H/L | Social Sciences |
| M/P | Humanities; P Languages and Literature |
| Q/T | Science, Technology and Medicine |

| | |
|---|---|
| U/V | Military Science |
| Z | Library and Information Science |

I, O, W, X અને Y એ મૂળાક્ષરો/અક્ષરો હજુ ખાલી છે. ઉપરનો દરેક મુખ્યવર્ગ વર્ણાનુક્રમે વિભાગ્યા છે. દા.ત.

| | | |
|---|---|---|
| QA | Mathematics | QD Chemistry |
| QB | Astronomy | QE Geology |
| QC | Physics | QH Biology |

દરેક વર્ગનું વધુ પેટાવિભાજન એક થી ચાર અંકત્રણિતીય અંકોમાં વિભાગ્યા છે.

| | | |
|---|---|---|
| QA | 1-939 | Mathematics |
| | 9-10.3 | Methematical logic |
| | 75.5-76.95 | Computer Science |
| | 101-141.8 | Elementary Mathematics |
| | 150-272 | Algebra |

દશાંશ વિસ્તરણો નવા વિષયોનો સમાવેશ કરવા હાલમાં ઉપયોગમાં લીધેલા છે. અંતિમ સ્વરૂપમાં LS વર્ગાંકો સારી રીતની મિશ્ર સંજ્ઞા થોડાં વધુ જટીલ રીતે સમાવેશી છે. LCના વર્ગ અંકોને કટરના કર્તાંકો દ્વારા વધુ વિસ્તારેલ કર્યા છે, અને કેટલીકવાર પ્રકાશન વર્ષ દ્વારા; આમ વર્ગાંક સામાન્ય રીતે વધુ પડતાં લાંબા છે.

| | |
|---|---|
| HV 1481.S82 G34 | Oldege Pension in Sweden by P.Gahrton. |
| PS 1331.H4.1974 | Mark Twain by A Henderdon (1974) |
| PR3629.A2L6 | The Rape of the Lock, ed by Laugee and McHenry |
| QC16.ES | Albert Einstein-the Physicist |

### 3.4.2 ઉપયોગ, પુનઃસંશોધન અને ભાવિ (The USE, Revision and Future) :

જો કે શૈલી અને વિગતોમાં, તે વૈજ્ઞાનિક નથી, તેમ છતાં DDC અને UDC સાથે ત્રણ મોટી ગ્રંથાલય વર્ગીકરણોમાં એની ગણના થાય છે. તે સંપૂર્ણતઃ ગણનાક્ષમ પદ્ધતિ છે, એ રીતે વધુ સ્વરૂપ અને સ્થળ સહાયકોના કોઠાઓ છે. યુએસએ માટેની એ યોગ્ય પદ્ધતિ છે, વિદેશના કેટલાંક મોટાં ગ્રંથાલયોએના ઉપયોગકર્તાઓ છે. એક અંદાજ પ્રમાણે, યુએસએના 60% સંશોધન ગ્રંથાલયોમાં એ ઉપયોગમાં લેવાયેલી છે. MARC રેકર્ડ ઉપર તેનો વર્ગાંક અને IP ડેટા અને કેટલીક સહકારી સૂચિઓ અને વ્યાપારી સૂચિકરણ સેવાઓમાં જોવા મળે છે. યુએસએ બહાર પણ તેનો ઉપયોગ થાય છે.

તેનું સંવર્ધન સતત થયાં કરે છે અને રચનાકાર અને મુખ્ય ઉપયોગકર્તા એક જ સંસ્થા હોઈ એ એનો સૌથી મોટો ફાયદો છે. નવા ફેરફારો ઘણી જ મહેનત પછી તે વિચાર વિમર્શો ત્રૈમાસિક બુલેટિન LC Classification : Addition and Changeમાં જાહેર કરવામાં આવે છે. CD આવૃત્તિએ અનુકૂળ અને કાર્યક્ષમ છે જે ચાવીરૂપ પદો, વર્ગાંકો નિકટતાના વિકલ્પો અને બુલિયન ચાલકો વગેરે દ્વારા શોધની મંજૂરી આપે છે. એની મર્યાદાની રીતે સંપૂર્ણ પદ્ધતિ CD-ROM માળખામાં હજુ ફેરવાઈ નથી. સંસ્થાકીય પીઠબળને કારણે મહદ્અંશે તેનું ખાતરી દાયક ભાવિ છે. તે એક પ્રશિષ્ટ ઉદાહરણ છે કે સારી રીતની સફળતાપૂર્વકની ગણનાક્ષમ વર્ગીકરણ પદ્ધતિ, વિદ્યાકીય વિગતોવાળી છે.

◆ **તમારી પ્રગતિ ચકાસો.**

4) LC વર્ગીકરણ પદ્ધતિના ખાસ લક્ષણો દર્શાવો.

નોંધ : i) નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તર લખો.

ii) આ એકમને અંતે આપેલા જવાબો સાથે તમારો ઉત્તર ચકાસો.

............................................................................................

............................................................................................

............................................................................................

............................................................................................

............................................................................................

............................................................................................

## 3.5 કોલન ક્લાસિફિકેશન (સીસી) યોજના COLON CLASSIFICATION (CC) SCHEME :

CC એ ભારતની રાષ્ટ્રીય વર્ગીકરણ 1924/1932માં આકાર પામી અને વિકસાવવામાં આવી હતી અને મદ્રાસ લાઈબ્રેરી એસોસિએશન (NALA) દ્વારા 1933માં પ્રથમવાર પ્રકાશિત થઈ હતી. તેના લેખક ડૉ. એસ.આર. રંગનાથન, ભારતીય ગ્રંથાલય પ્રવૃત્તિના પિતામહ કહેવાતા, તેમને ભારત સરકારે 1995માં નેશનલ રિસર્ચ પ્રોફેસર તરીકેની માનદ પદવી આપી હતી. તેમની વિશ્વ પ્રતિદ્ધ કોલન ક્લાસિફિકેશન નામે જાણીતી છે, જેને લઈને DDC(1876)થી વાઙ્મયી વર્ગીકરણમાં મહાન સીમા ચિહ્નરૂપ છે. તેમણે સંપૂર્ણપણે નવા પ્રકારની ગ્રંથાલય વર્ગીકરણ જે મુખકીય વર્ગીકરણ તરીકે ઓળખાય છે. CCએ પૃથક્કરણીય-સંયોજિત મુક્ત મુખકીય યોજના એનાથી તદ્દન વિરોધી એવી ગણનાક્ષમ વર્ગીકરણો, જેવા કે DDC(આવૃત્તિ 1-15), LC અને રાઈડર્સની ઈન્ટરનેશનલ ક્લાસિફિકેશન (RIC) ચોથી આવૃત્તિ (1952)થી ઘણાં નવીન અને આધુનિક વિભાવનાઓને સમાવી લીધી અને CCની અદ્યતન આવૃત્તિનો પાયો નાંખ્યો. 1960માં છઠ્ઠી આવૃત્તિ પ્રકાશિત થઈ, 1963માં નવાં સુધારાઓ સાથેની આવૃત્તિ પુનઃમુદ્રિત કરી, જે રંગનાથન દ્વારા બહાર પડેલી છેલ્લી આવૃત્તિ હતી.

BLISC કાર્યક્રમમાં તમો CCની છઠ્ઠી આવૃત્તિનો અભ્યાસ કર્યો છે. અહીં CCની 7th આવૃત્તિની ચર્ચા અને તેની ખાસિયતો કહીશું.

### 3.5.1 સીસીની 7th આવૃત્તિના લક્ષણો (Features of 7th Edition of CC) :

7th આવૃત્તિ (1987) પુનઃસંબંધિત હતી અને પ્રોફેસર એમ.એ. ગોપીનાથ, જેઓ ડૉક્યુમેન્ટેશન રિસર્ચ અને ટ્રેઈનીંગ સેન્ટર, બેંગ્લોરના અધ્યક્ષ અને (શારદા રંગનાથન એનડાઉમેન્ટ ફોર લાઈબ્રેરી સાયન્સના સેક્રેટરી) હતા.

Rangnathan, S.R. : Colon Classification, 7th ed,

Revised and edited by M.A. Gopinath. Bangalore : Sarada

Rangnathan Endowment for Library Science, 1987. Volume 1, xiv, 332p.

જો કે માત્ર એક જ ખંડમાં સમાવેલ અનુસૂચિઓ અને સામાન્ય પૃથકો વગેરે પ્રકાશિત કરવામાં આવ્યા છે. CD-ROM રૂપે માત્ર સૂચિ ખંડ પ્રાપ્ત છે. નવી આવૃત્તિમાં 10 પ્રકારના પાયાના વિષયો ઓળખી કાઢ્યા છે.

| 1. મુખ્યપાયાના વિષયો | 2. બીન-મુખ્ય પાયાના વિષયો |
|---|---|
| 1.1 પરંપરાગત | 2.1 રૂઢિગત વર્ગો |
| 1.2 નવાં ઉદ્ભવતા | 2.2 પદ્ધતિના અંગભૂતો |
| 1.3 સંગલન | 2.3 વિશિષ્ટ અંગભૂતો |
| 1.4 નિસ્યંદીત | 2.4 પર્યાવરણ અંગભૂતો |
| 1.5 વિષય ઝુમખાંઓ | |

નવી આવૃત્તિમાં, પાયાના વિષયોના અંકો અતિવિશાળતા પૂર્ણ 750 સુધી વૃદ્ધિ પામ્યા છે, પરંપરાગત પાયાના વિષયોની સંખ્યા સરખી જ રહી છે :

1/9 Newly emerging main classes.

A/M Sciences

Δ Mysticism and Spiritual Experiance

N/S Humanities

T/Z Social Sciences

કેટલાંક નવા પાયાના વિષયો આ પ્રમાણે છે :

Some of the new basic subjects in CC are :

| | | |
|---|---|---|
| I Universe of subjects | 4 | Mass communication |
| BT Statistical calculus | LT | Physical exercises and Sports |
| M4 Smithy | PW6 | Typewriting |

સ્પષ્ટપણે, કેટલાંક સામાન્ય વિષયોને પાયાના વિષયોની કક્ષાએ પહોંચાડવામાં આવ્યાં છે. 7th આવૃત્તિમાં સામાન્ય પૃથકો (CI) તેના પ્રકારો સંખ્યા બેઉમાં મહદ્અંશે અનુગામી સામાન્ય પૃથકો (પોસ્ટી)ઓ સર્ચીંગ કોમન આઈસોલેટ (PCI) જેની નવી અનુસૂચિ આ છે :

સામાન્ય વસ્તુ પદાર્થ (Common Matter Property)

(Chap DL pp 95-104)

સામાન્ય વેત્ર પૃથકો (Common Energy Isolates)

(Chap DK pp. 93-95)

અગ્રગામી સામાન્ય પૃથકો (The Anteriorising Common Isolatas (ACI)) હવે “” (બેવડા ઉલ્ટેવેલા અલ્પવિરામો) સૂચક અંકથી જોડાય છે. દાત.

Journal of Mathematics

B”m

Encyclopaedia of Chemistry

E”k

પણ સૌથી વધુ મહત્ત્વના વધારાઓ પર્યાવરણ વિભાગોના (Enviroment Division) કોઠાઓ (EP) (Chap DD, pp. 54-56) જે કોઈપણ વિષય સાથે “-9” એ સૂચકઅંકનો ઉપયોગ કરીને જોડીને શકાય છે :

Un4 High altitude

Y311 Rural

High altitude engineering

D-9 Un4

Rural Economics

X-9Y311

અન્ય મહત્ત્વનો વધારો સ્પેક્ટેટર્સ પ્રકાર I અને પ્રકાર II ક્રમશઃ - લઘુરેખા અને = બરાબરનું ચિહ્નો ઉપયોગ દ્વારા સૂચિત થાય છે :

Partially Sovereign State

W, 1-12

Dialects of English Language

P, 111=d

વર્ણાનુક્રમ યુક્તિ (Alphabetical Device(AD)) વારંવાર ઉપયોગમાં લેવાય છે અને ઘટકોના બહુવિધ પદો "+" વત્તાના ચિહ્ન દ્વારા જોડવામાં આવે છે :

Shakespeare's King Lear

O,111,2J64, K+L

પાર્શ્વ સંબંધ (0) શૂન્યને બદલે & (એમ્ફરસન્ડ) દ્વારા પુનઃસ્થાન આપેલ છે અને નવા પ્રકારના પાર્શ્વ સંબંધ નામે સાધવ (Tool) ઓળખી શકાય છે :

Mathematics for engineers

B&bD

Mathematics as a tool to study science

A & eB

નવી આવૃત્તિમાં હવેથી મુખ્યવર્ગ (MC) અને પ્રથમ વ્યક્તિમુખક (1P1) વચ્ચે "," (અલ્પવિરામ) મૂકવું ફરજીયાત છે. દાત.,

S,1 Child psychology (instead of S1)

P,15 Sanskrit Language (instead of P15)

એ રીતે અન્ય મૂળભૂત ફેરફાર, હવે 'વસ્તુ' (Matter) મૂળભૂત ખાસિયતની ત્રણ જુદાં જુદાં વિવિધતાવાળી શોધી કાઢી છે.

Matter - Property (M-P)

Matter - Method (M-M)

Matter - Material (M-Mt)

CC-6 માં જે વેગમુખક હતા, તે બધા વસ્તુ-પદાર્થ તરીકે ઓળખાય છે, દાત.

| CC-6 | CC-7 | |
|---|---|---|
| Library Classification | 2:51 | 2;5 |
| Human Physiology | L:3 | L;3 |
| Constitutional History | V:2 | V;2 |
| Constitutional History of India | V44:2 | V,44;2 |

### 3.5.2 સીસી-7ની સંજ્ઞા (Notation of CC-7) :

નીચે દર્શાવેલ પાંચ નવા ચિહ્નો સંજ્ઞાત્મક પદ્ધતિમાં ઉમેરાયા છે, જ્યારે પહેલાના ચિહ્નોને રદબાતલ કર્યા કરેલ છે. (સિવાય કે કેટલાંક ગ્રીક મૂળાક્ષરો)

+ (Plus), = (equal to). "(double inverted comma). * (asterisk), & (ampersand)

+ (વત્તા) = (બરાબર) "બેવડા ઉલ્ટાવેલા અલ્પવિરામો (એસ્ટેરિક) & એમ્ફરસ્ટેન્ડ"

સીસી-7 સંજ્ઞાઓ 74 અંકો (60 અર્થબોધક/સ્મૃતિ સહાયક અને 14 સૂચિત અંકો) ને છ પ્રકારોમાં વિભક્ત કરેલ છે.

| | |
|---|---|
| 1. A/Z (Roman Capitals) | 26 |
| 2. Δ (Greek Delta) | 01 |
| 3. 0/9 Indo-Arabic numerals | 10 |
| 4. a/z (i,l,o excluded) Roman smalls) | 23 |
| 5. Indicators digits with anteriorising value<br>* " ← | 03 |
| 6. Ordinary indicator digit<br>0 &' . :; - = + → | 11 = 74 |

(*કુદડી) '''' (બેવડા ઉલટાવેલા અલ્પવિરામો) ← પાછું તીર, ( ) કૌંસ, & (એજફ્સેડ) ' ' ' (ઉલટાવેલું અલ્પવિરામ) (પૂર્ણ વિરામ બિંદુ) ':' કોલન; સેમીકોલન, અલ્પવિરામ, - લઘુરેખા (હાઈફન) =ની બરાબર અટાતીર અને + વત્તા એ પ્રમાણે છે.

કોઈપણ વર્ગીકરણ પદ્ધતિ કરતાં CCની સંજ્ઞાનો પાયો સૌથી વધારે વિશાળ છે, આ બાબતે CC-7 એ ઘણી જ સ્વાગતશીલ છે, જો કે તેની સંજ્ઞા અને પદ્ધતિ તદ્દન જટીલતા ભરી બનેલ છે. વર્ગઅંકો લંબાઈવાળા અને બીજગણિતીય સૂત્રો જેવા રંગનાથને સંજ્ઞાની લાઘવતા અને સંજ્ઞાની સરળતાનો ભોગ આપ્યો જો સંજ્ઞા ક્ષેત્રે ખૂબ જ સ્વાગતશીલતાવાળી બનાવીને અને વર્ગઅંકોને સહ-વ્યાપક તૈયાર કર્યા.

આ નવી આવૃત્તિ ઘણી જ આંતરિક રીત બીન સાતત્યપૂર્ણ જણાય છે. તથાપિ તે અંકોની નાવનીત્ય ધરાવતી બાબતમાં તેનું પ્રદાન ઉપયોગી છે. DRTC બેંગલોર CC અંકોને સ્વયંસંચાલિત સંયોજન કરતી તજ્જ્ઞ પદ્ધતિ વિકસાવેલી છે. CINDEXથી આખ્યાનામવાળી CD-ROM સ્વરૂપે CC-7ની સૂચિ પ્રાપ્ય છે. આ ડેટાબેઝ (માહિતી પદ) રચવામાં આવેલ છે અને શારદા રંગનાથન એન્ડાઉમેન્ટ ફોર લાઈબ્રેરી સાયન્સ દ્વારા યુનેસ્કો દ્વારા WINISIS 1.4 સોફ્ટવેર વિકસાવ્યું છે.

### 3.5.3 પુનઃસંવર્ધન, ઉપયોગ અને સ્થિતિ (Revision, Use and Status) :

ભારતની રાષ્ટ્રીય વર્ગીકરણ પદ્ધતિની પ્રકસ્વરૂપે હોવા છતાં, ભારતમાં પદ્ધતિનો ઉપયોગ બહુ વ્યાપક રૂપે થતો નથી. જો કે તેના ઉપયોગકર્તાઓની માહિતી પત્રક વાળવવામાં આવતું નથી, પણ ઘણાં પ્રશંસાત્મક અંદાજ પ્રમાણે 24 ટકા ગ્રંથાલયો ભારતમાં આ પદ્ધતિનો ઉપયોગ કરે છે. ઈન્ડિયન નેશનલ બિબ્લિઓગ્રાફીની વાઙ્મયી ઘટકોમાં CC વર્ગઅંકો આપવામાં આવે છે. પૂરતા પ્રમાણની સંસ્થાકીય પીઠબળવાળી રાષ્ટ્રીય સમિતિ ન હોઈને તેને સલાહ અથવા તેના પુનઃસંવર્ધન અથવા પ્રકાશન માટે કોઈ જવાબદારી લેનાર નથી. તે હવે શારદા રંગનાથન એનડાઉમેન્ટ ફોર લાઈબ્રેરી સાયન્સ બેંગલોર દ્વારા પ્રકાશિત થાય છે.

પદ્ધતિ મુખકીય સ્વરૂપની છે અને સ્વયંસિદ્ધ સત્યો અને સિદ્ધાંતોને સુસંગત રીતે સંગઠિત અને પૂર્ણ અને અંતે વર્ગીકરણના સિદ્ધાંત વિકસાવ્યા છે. સીસીનું પ્રદાન તેના મુખકીય પૃથક્કરણમાં પહેલી છે. મૂળભૂત કક્ષાઓ અને શાસ્ત્રસૂત્રોની વિભાવનાઓ વ્યવહારું છે. તે નવી વર્ગીકરણ પદ્ધતિની રચના કરવાનું માટેનું માર્ગદર્શન આપે છે. CC ના સિદ્ધાંતો હકીકતે સામાન્ય રીતે વર્ગીકરણનો સિદ્ધાંતની વિચારણા/ચર્ચા વિશ્વભરમાં ઘણી ગ્રંથાલય શાળાઓમાં શીખવામાં આવે છે. ઘણી ગહન વર્ગીકરણ પદ્ધતિઓની રચના CC કાર્યપદ્ધતિ અને સિદ્ધાંતનો ઉપયોગ કરવામાં આવે છે. પણ વર્તમાન સંસ્થાને આ પદ્ધતિ જીવંત રહેશે કે નહિ એ વિષે અનિશ્ચિત છે.

◆ **તમારી પ્રગતિ ચકાસો.**

5) CC-7ના વિવિધ સંજ્ઞાત્મક અંકો ગણાવો.

નોંધ : i) નીચે આપેલી જગ્યામાં તમારો જવાબ લખો.

ii) આ એકમને અંતે આપેલાં જવાબો સાથે તમારો જવાબ ચકાસો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

## 3.6 બિબ્લિયોગ્રાફીક ક્લાસિફિકેશન (બીસી) યોજના (BIBLIOGRAPHIC CLASSIFICATION (BC) SCHEME) :

આ પદ્ધતિની રચના 1910-1953 દરમ્યાન હેનરી એલ્વિન બિલ્સ (1870-19) સીટી કૉલેજ (હવે, સીટી યુનિવર્સિટી) ન્યૂયોર્કના ગ્રંથપાલે કરી હતી. બિલ્સ ગ્રંથાલય વર્ગીકરણના ઈતિહાસમાં ઘણું જ માનભર્યું સ્થાન ધરાવતા હતા, તે તેમની વર્ગીકરણ ઘણાં નક્કર સૈદ્ધાંતિક પાયા ઉપર રચાયેલી વર્ગીકરણ અભ્યાસ અને રચના તેમના જીવનકાળનો વ્યવસાય હતો, જેનાં તેમણે સન્માનસૂચક સ્થાન મેળવ્યું હતું. તેમનું વર્ગીકરણના પ્રકાશન પહેલાં, બ્લિર્સ 1929 અને 1933માં ઓર્ગેનિઝેશન ઓફ નોલેજ ક્લાસિફિકેશન (બીસી) જાહેર કરવામાં આવી હતી અને તેની રૂપરેખા 'એ સિસ્ટમ ઓફ બિબ્લિઓગ્રાફિક ક્લાસિફિકેશન' નામે પ્રકાશિત થઈ હતી. આ વર્ગીકરણ 1940, 1947, 1952 અને 1953માં ચાર ખંડોમાં પ્રકાશિત થઈ હતી.

BLiss, H.E. A Bibliographic Classification extended by systematic schedules for composite specification and notation.

તેના પ્રકાશન અને સંપાદનમાં ઘણો બધો સમય લીધો સમય જતાં છેલ્લો ખંડ બહાર પડ્યો, પહેલાંના ખંડો કાલગ્રસ્ત બન્યા. આ પદ્ધતિ તદ્દન પાછળથી આવી જોઈએ, તેના સમય દરમ્યાનમાં DDC, LC અને UDC જેવી પદ્ધતિઓ આ ક્ષેત્રમાં સારી રીતે ચૂકી હતી.

### 3.6.1 બીજી આવૃત્તિ, બીસી-2 (The Second Edition the BC-2) :

1967માં યુ.કે.માં જે.મિલ્સના નેતૃત્વ હેઠળ બ્લિસ ક્લાસિફિકેશન એસોસિએશન રચાયું. BCAનો ઉદ્દેશ આવકાર/સ્વીકારવી, અને સંવર્ધન અને ઉપયોગ માટે પ્રોત્સાહન આપવું. તેને બીજી આવૃત્તિ ઉપર કાર્ય શરૂ કર્યું તે સહજ રીતે તેના સંપાદક જે.બિલ્સથી જાણીતી બની :

Mills, J. et.al : Bliss Bibliographical Classification, 2nd ed London : saur, 1977 t (Earlier Volumes were published by Butter worth, London)

BC-2 19 ભાગોમાં છે જેના ઘણા ભાગો પ્રકાશિત થયેલ છે. આ કાર્ય હજુ નાણાંકીય પીઠબળ અને માનવશક્તિની તંગીને કારણે બાકી છે. તથાપિ BC-2માં નવી ખાસિયતો અને તેના પોતાના ગુણો તેના પોતાના છે. તે મિલ્સની BC-2 નામે જાણીતી છે, જે મિલ્સની પ્રતિભા અને સમર્પણભર્યા પ્રયત્નોની અંજલિરૂપે જાણીતી છે. ક્લાસિફિકેશન રિસર્ચ ગ્રુપ (સીઆર જી. લંડન) સક્રિય ભાગ ભજવ્યો અને તેના પુન:સંવર્ધનમાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે.

### 3.6.2 બીસીની વિશિષ્ટ ખાસિયતો (Special Features of BC) :

BC ઘણાં અદ્વિતીય લક્ષણો અને ગુણો ધરાવે છે. a) મુખ્ય વર્ગોનો ક્રમ જેને બ્લિસ શૈક્ષણિક અને વૈજ્ઞાનિક અભિપ્રાય (કહે છે ) ઓળખાવે છે તેના ઉપર આધારિત છે. તેઓ એવો દાવો કરે છે કે જ્ઞાનવિશ્વમાં વિષયોનો ક્રમ કાયમી રહે તેવો સ્થાપિત કર્યો છે. કાયમી ક્રમના દાવાની શોધ અધિકૃત માની શકાય નહિ એવી છે. કારણ કે જ્ઞાનવિશ્વમાં આવો કોઈ ક્રમ કાયમી અસ્તિત્વ ધરાવતો જ નથી. આ ક્રમ સામાજિક હોઈને, સમયાંતરે સમાજે સમાજે બદલાતો રહે છે. તથાપિ, BCના મુખ્યવર્ગોનો ક્રમ ભલામણ યોગ્ય/પ્રશંસનીય છે.

b) બ્લિસે (વિષય)ના ક્રમમાં વૈકલ્પિકતા પૂરી પાડી છે, જેમ કે દાત. આર્થિક ઈતિહાસને અર્થશાસ્ત્રમાં અથવા સામાન્ય ઈતિહાસ સાથે સ્થાન આપો. ધર્મને 'P' અથવા 'Z' માંથી કોઈપણ એકમાં સ્થાન આપી શકીએ.

c) બ્લિસ સરળ અને ટૂંકી સંજ્ઞામાં માનતા હતા, મોરા અક્ષર, રોમન મૂળાક્ષરો અને ભારતીય-અરબી અંકોનો સમાવેશ કર્યો. તેણે ટૂંકી સંજ્ઞાઓની વંશાનુબદ્ધતાનો ભંગ કર્યો છે દાત.

U Technology

UE Engineering

UHC Construction

UJ Architecture



d) પદ્ધતિ ગતકાલાપેક્ષ સંજ્ઞા (Retrospecotive notation) નો ઉપયોગ કરે છે, જે પાછળની જોડાયેલી હોય છે. દાત.

2HL Coloured material

2P TV

2PHL Coloured TV

e) આ અદ્યતન સામાન્ય વર્ગીકરણ પદ્ધતિ છે, જે આધુનિક મુખક પૃથક્કરણ અને સહાયક ક્રમની પદ્ધતિ ઘણી જટીલતાઓ ભૂલો દૂર કરી છે. આથી કરીને, બેઉ વિશ્વમાં ઘણાં અદ્વિતીય પણ વખાણવાલાયક લક્ષણો ધરાવે છે. આ પદ્ધતિએ વર્ગીકરણ સિદ્ધાંત અને વ્યવહાર વચ્ચે રહેલ ઉણપને સેતુરૂપ કાર્ય કર્યું છે.

### 3.6.3 રૂપરેખા, વધારાના કોઠાઓ અને ઉપયોગ (Structure, Auxiliary Tables and USE) :

તેના મુખ્યવર્ગો નીચે પ્રમાણે છે :

| | | | |
|---|---|---|---|
| A | Philosophy | K | Social Sciences |
| AL | Logic | KA | Sociology |
| A | Mathematics | L/O | Sociology |
| | | M | Modern History |
| B | Physics | P | Religion (Alternative Z) |
| C | Chemistry | Q | Social welfare |
| D | Astronomy | R | Political Science |
| E | Biology | S | Law |
| F | Botany | T | Economics |
| G | Zoology | U | Technology |
| H | Man, Anthropology | V | Fine Arts |
| I | Psychology | W | Language and Litera |
| J | Education | Z | Religion (Alternative) |

વધારામાં ત્રણ સહાયક ભારણીઓ છે.

| | | | |
|---|---|---|---|
| 1 | Common sub-divisions | 4 | Languages |
| 2 | Persons | 5 | Ethnic Groups |
| 3 | Pleces | 6 | Periods of time |

આ વર્ગીકરણ પદ્ધતિ મુખ્યવર્ગ J શિક્ષણ અને Q સામાજિક કલ્યાણમાં ઘણી જ સશક્ત છે. વર્ગ J એની બીજી આવૃત્તિમાં અને એણે અન્ય વર્ગીકરણ પદ્ધતિ ઉપર પ્રભાવ પાડ્યો છે. વિશેષતઃ DDC-20 (1989) 370 શિક્ષણ વિષયમાં આ દૃષ્ટિએ વિશિષ્ટ ગ્રંથાલયમાં, સરકારી કલ્યાણ ખાતામાં અને મહાવિદ્યાલયોમાં આ પદ્ધતિ લાગુ પાડવાને નફાકારી છે. યુરોપ, ઓસ્ટ્રેલિયા અને આફ્રિકામાં 90 જેટલાં ઉપયોગકર્તા છે. આ પદ્ધતિ થિસૌટી તૈયાર કરવા અને મુખકીય વર્ગીકરણના શીખવવા માટે નમૂના તરીકે યોગ્ય છે.

દરેક ખંડની તેની પોતાની સૂચિ શૃંખલા પદ્ધતિ અનુસાર તૈયાર કરી છે. આ પદ્ધતિ સંપૂર્ણ થશે તે પછી એની સંકલિત સૂચિ તૈયાર પૂરી પાડવામાં આવશે. BC-2 જે મિલ્સ દ્વારા સતત સંવર્ધિત થતી રહી છે, તેમની સાથે CRG (ક્લાસિફિકેશન રિસર્ચ) સહાયક બને છે. પુનઃસંવર્ધન ધીમું છતાં નક્કર છે. આ પદ્ધતિ નામાંકિત અને બહુ ઝડપીથી તે સ્થાન પ્રાપ્ત કરશે.

◆ **તમારી પ્રગતિ ચકાસો.**

6) BCની વિશિષ્ટ ખાસિયતો ગણાવો.

નોંધ : i) નીચે આપેલી જગ્યામાં તમારો જવાબ લખો.

ii) આ એકમને અંતે આપેલા જવાબો સાથે તમારો જવાબ ચકાસો.

...........................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

...........................................................................

## 3.7 લાઈબ્રેરી બિબ્લિયોગ્રાફિક ક્લાસિફિકેશન (બીબીકે/એલબીસી) યોજના LIBRARY BIBLIOGRAPHICAL CLASSIFICATION (BBK/LBC) SCHEME

પ્રત્યેક વર્ગીકરણ સ્વાભાવિક રીતે જ્યાંએ શોધાઈ હોય તે કાળની સંસ્કૃતિ/સભ્યતા અને સમાજનું પ્રતિબિંબ પાડે છે. લગભગ બધી જ પ્રમુખ વર્ગીકરણ પદ્ધતિઓ ખ્રિસ્તીધર્મ અને મૂડીવાદી વિષયો પ્રત્યે પૂર્વગ્રહી હોય છે અને મૂડીવાદી વિષયો પ્રત્યે પૂર્વગ્રહી હોય છે અને માર્ગસવાદ અને લેનિનવાદની વિરુદ્ધ, જે ઠંડાયુધ્ધના દિવસોનું પ્રતિબિંબ પાડે છે. આમ, સમાજવાદી દેશોના ગ્રંથાલયો મોટાભાગની વર્ગીકરણ પદ્ધતિઓ પૂર્વગ્રહયુક્ત અને બિન ઉપયોગી તેઓને લાગે છે. તે સમયની લેનિન સ્ટેટ લાઈબ્રેરી, મોસ્કો ખાતે, તેને માટેની પોતાની પદ્ધતિ ઢીલ વિના રચના કરી, જે માર્કસવાદી વિચારશરણી આધારિત છે. લેનિન સ્ટેટ લાઈબ્રેરીના સંગ્રહમાં 40 લાખનો હતો, જે સમગ્ર યુ.એસ.એસ.આરનું તે સમયનું રાષ્ટ્રીય ગ્રંથાલય હતું. હવે તેનું નવું નામ 'રશિયન સ્ટેટ લાઈબ્રેરી' પાડ્યું છે. સોવિયેટ વર્ગીકરણ પદ્ધતિ રચના કરવી એવો નિર્ણય 1920ના દાયકામાં લેવાયો હતો, પણ તેના કાર્યનો ઘણો જ મોડેથી કરવામાં આવ્યો.

### 3.7.1 બીબીકેની રૂપરેખા (Structure of the BBK) :

લાઈબ્રેરી ઓફ બિબ્લિયોગ્રાફિકલ ક્લાસિફિકેશન એ નામ અંગ્રેજીમાં અનુવાદ છે. રૂસ્તભાષામાં તેનું સંક્ષિપ્ત નામ BBK છે. તેની રચના ઓ.વી.ટેસ્લેન્કોના સંપાદકીય હેઠળ, ઘણી વ્યાપક તજજ્ઞોની ટૂકડીએ તૈયાર કરી છે. BBK સૌ પ્રથમ 30 ખંડોમાં અને 34000 મુખ્ય અને 51000 સંયુક્ત અંકોને માટે રૂસ્ત 28 મૂળાક્ષરો (સિરિલીક) સૂચિત કર્યા.

આ પહેલી વર્ગીકરણ પદ્ધતિ હતી કે જેણે સંજ્ઞાના વૈકલ્પિક જૂથ પુરું પાડ્યું હતું, દ્દઢ સિરિલિક મૂળાક્ષરો અથવા ભારતીય-અરબી અંકો વિકલ્પે આપ્યા.

| | |
|---|---|
| 1 | Interdisciplinary knowledge. |
| 2/5 | Science, Technology. Agriculture and Medical Sciences |
| 6 | Social Sciences |
| 7 | Culture and education |
| 8 | Language and literatures. |
| 86 | Religion, Atheism |
| 87/88 | Psychology |
| 9 | Universal subjects |

સામાન્ય તેની સંજ્ઞા ઘણી જ મિશ્રિત હતી, વંશાનુબદ્ધતા વાળી મુખકીય અને સંયોજકતાવાળી છે. તેના વિરામચિહ્નોમાં . પૂર્ણવિરામ, કોલન, લઘુરેખા, ગુરુરેખા, અવતરણ ચિહ્નો, ગોળાકાર કૌંસ, બરાબરનું ચિહ્ન, ત્રાંસી રેખા અને હૂંદડી, દાત. T2 (4 f / PA) History of Franch (ફ્રાંસનો ઈતિહાસ) પદ્ધતિ

અંશતઃ મુખકીય (Semi-faceted) છે પણ વિગત ભરી અને તેનો આધાર મોસ્કો અને લેનિગ્રાડ, હવે સેંર પિરર સ્કેવરના રૂસ્ત ગ્રંથાલયોમાં પ્રાપ્ય ગ્રંથો અને સામયિક સાહિત્યના આદેશ ઉપર આધારિત હતો. મુખ્ય સારણીઓને મોટા અંકોવાળી સહાયક સારણીઓ સામાન્ય અને વિશિષ્ટ લે છે, મોટેભાગે યુડીસીના નમૂનાને અનુસરે છે. વર્ગઅંકો સામાન્ય રીતે ખૂબ લાંબા હોય છે. દરેક વર્ગને તેની પોતાની સૂચિ હોય છે જે શૃંખલા નિર્દેશીકરણ દ્વારા મેળવવામાં આવેલી છે. એક અંદાજ પ્રમાણે રશિયાના 2,80,000 ગ્રંથાલયો અને માહિતી કેન્દ્રો USSR પ્રજાસત્તાકના ઉપયોગ કરે છે. પૂર્વ જર્મની, બલ્ગેરિયા, વિસેટનામ અને નોર્થકોરિયામાં ગ્રંથાલયોમાં પણ ઉપયોગમાં લેવાય છે. વધારામાં મુખ્ય સારણીઓને, 5 સંક્ષિપ્ત ખંડો (1970-1972), સાર્વજનિક ગ્રંથાલયો માટે એક જ ખંડમાં સંક્ષિપ્તરૂપે (1975) બીજો એક ખંડમાં (1978) શાળા ગ્રંથાલય માટે અને 4 ખંડો (1980-1983) પ્રાદેશિક ગ્રંથાલયો માટે પ્રાપ્ય છે. આ પદ્ધતિનું સતત સંવર્ધન થતું રહે છે અને LBC-2 તૈયાર થઈ રહી છે અને પદ્ધતિને ઓન-લાઈન કેટલાક માટેની જરૂરિયાત પ્રમાણે અપનાવવામાં આવેલ છે. જો કે, તેનું ભવિષ્ય વર્તમાનમાં અનિશ્ચિત દેખાય છે, તેમ છતાં એવી આશા રખાય છે કે રશિયામાં ઉપયોગ થતો રહેશે અને તે ચાલશે.

◆ **તમારી પ્રગતિ ચકાસો.**

7) BBKની રચના શા માટે કરવામાં આવી ?

8) તેના મુખ્યવર્ગો જણાવો.

નોંધ : i) નીચે આપેલી જગ્યામાં તમારા જવાબો લખો.

ii) આ એકમને અંતે આપેલાં જવાબો સાથે તમારા જવાબો ચકાસો.

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

.............................................................................

## 3.8 બ્રોડ સિસ્ટમ ઓફ ઓર્ડરીંગ (બીએસઓ) યોજના BROAD SYSTEM OF ORDERING (BSO) SHEME :

યુડીસીથી આરંભ થયેલ, બ્રોડસિસ્ટમ ઓર્ડરીંગએ વર્ગીકરણ મૂળભૂત રીતે ઈન્ટરનેશનલ ઓર્ગેનિઝેશન દ્વારા એક માત્ર અન્ય પદ્ધતિ છે, યુનેસ્કો સાથે રેકનિકલ તજજ્ઞતા FLD/BSOની યુનેસ્કોની પેનલે પૂરી પાડેલ છે. યુનેસ્કોના યુનિસિસ્ટ (યુનિવર્સલ ઈન્ફોર્મેશનની સિસ્ટમ ઈન સાયન્સ એન્ડ ટેકનોલોજી) માટે 1971માં સ્વીચીંગ લેંગ્લેજની જરૂરિયાત પડી હતી. સ્વીચીંગ લેંગ્વેજ એટલે કડી અથવા મધ્યસ્થી અથવા રૂપાંતર ભાષા જે એક નિર્દેશીકરણની ભાષામાંથી અન્ય ભાષામાં રૂપાંતર કરે છે. આથી કરીને તે સામાન્ય અર્થમાં તે વર્ગીકરણ પદ્ધતિ નથી, પણ વર્ગીકરણ અને પુનઃપ્રાપ્તિ પદ્ધતિને સ્વીચીંગ કરીશું માહિતી વિનિમય માટેનું ઓજાર (સાધન) છે.

### 3.8.1 રૂપરેખા (Structure) :

BSOની પેનલ માટે કાર્યકક્ષા એરિક જે. કોટ્સ અને જી.એ.લોઈડ 1975માં એનો પ્રથમ સુસદો પૂરો કર્યો. હવે નીચેની આવૃત્તિ અંતિમ સ્વરૂપે પ્રાપ્ય છે.

Coates, Eric J, et al : Board system of ordering (BSO): Three 3.5 in disks in MS-DOS format. Hearts, UK: BSO panel.

પ્રમુખ વિષયોના ક્ષેત્રોની રૂપરેખા દર્શાવેલી છે.

| | | | |
|---|---|---|---|
| 100 | Knowledge in General | 500 | Humanities and Social Science |
| 200 | Science and Technology (Together) | 600/890 | Technology |
| 300 | Life Science | 910 | Language and Literature |
| 460 | Education | 940 | Arts |
| 480 | Sports and Games | 970 | Religion |

તેમાં બધુ મળીને 6800 વ્યાપક પેટાવિભાગો અને કાળ અને સ્થળની બે અનુસૂચિઓ આપેલ છે. તેમાં અંકોવાળી શુદ્ધ સંજ્ઞાનો કરે છે, જે સહત્રાંશ (1000થી વિભદગાય અને શતાંશ) (100 દ્વારા વિભાગ) 3,1,3.2ને બે વિશય ચિહ્નો "-" (લઘુરેખા) અને ',' (અલ્પવિરામ) ઉપયોગમાં લીધેલા છે. આ પદ્ધતિ મુખકીય અને મુખક અને પૃથક્કરણના આધુનિક સિદ્ધાંતો ઉપર આધારિત હોઈને સંયોજનની વ્યવસ્થા કરેલ છે. તે સાહિત્ય આદેશના કરતાં સંસ્થાકીય આદેશનો ઉપયોગ કરે છે. પરંપરાગત વિદ્યાશાખાઓને, બહુવિધ વિદ્યાશાખા અને ઉદ્દેશ્ય કેન્દ્રિત વિષયાંગ વિષયાંગ માટે એ ઉપયોગી છે :

| | |
|---|---|
| 360,20 | Agricultural biology |
| 395,60 | Enviromental pollution |
| 395,60-230 | Chemical pollution where 230 stands for chemicals. |
| 360-580 | Agricultural economics |

આમ હાઈફનને પાર્શ્વસંબંધો તરીકેના પ્રતિકરૂપે પ્રયોથીય છે, તે A/Z સંજ્ઞાનો ઉપયોગ.

### 3.8.2 ઉપયોગ (Use) :

આ પદ્ધતિ માત્ર $3\frac{1}{2}$ કદની ત્રણ ફ્લોપીમાં મળે છે. આ પદ્ધતિની પાછળનો મુખ્ય ઉદ્દેશ સ્વીચીંગ બેંગ્બેજ તરીકે ઉપયોગમાં લેવા માટેનો હતો, તે માટે તેનો ઉપયોગમાં લેવાતી નથી. તેમ છતાં, કેટલાંક ગ્રંથાલયો પુસ્તકોની ફલક ઉપરની ગોઠવણી માટે ઉપયોગ કરે છે. તેમ છતાં, આ પદ્ધતિ જ્ઞાનની બૌદ્ધિક વ્યવસ્થાના ક્ષેત્ર માટે આ પદ્ધતિના મુખ્યવર્ગોનો ક્રમ અને સરળ સંજ્ઞા વડે વિષયાંગોને સંયોજિત કરતી હોઈને તેનું પ્રદાન માન્ય પામ્યું છે.

## 3.9 વિશિષ્ટ વર્ગીકરણ યોજનાઓ SPECIAL CLASSIFICATION SCHEMES :

જ્ઞાન વિશ્વ સાથે જોડાયેલી સામાન્ય વર્ગીકરણ પદ્ધતિઓ વિષે જે આગળના, વિભાગોમાં તમે શીખ્યા છો. પણ ઘણાં માહિતી વ્યવસાયિકો વિશિષ્ટ ગ્રંથાલયો અને માહિતી કેન્દ્રોમાં કાર્ય કરી રહ્યાં છે, તેઓ શુક્ષ્મ-વિષયોમાં વર્ગીકરણની મુશ્કેલીઓનો સામનો કરે છે. સામાન્ય વર્ગીકરણ પદ્ધતિઓ ચોક્કસ કક્ષાએ અથવા ચોક્કસ વિગતોના જ્ઞાનની વ્યવસ્થા કરી શકે છે. જ્ઞાનમાં થયેલ નવીન વિકાસો વણખેડાયેલ વિષયો પ્રમાણમાં સામાન્ય વર્ગીકરણ પદ્ધતિમાં ઓછાં પ્રમાણમાં જોવા મળે છે. તે જ સમયે, કેટલીક વિશિષ્ટ સંસ્થાઓમાં પ્રલેખોના પ્રકારોનું ઘણું જ મહત્ત્વ હોય છે. આમ સામાન્ય વર્ગીકરણ પદ્ધતિઓ વિશિષ્ટ ગ્રંથાલયોની આવશ્યકતાને પૂરી કરી શકતી નથી, કારણે તેના સંગ્રહમાં વિશિષ્ટ સ્વરૂપોના પ્રલેખો ધરાવે છે, જેવા કે પેટન્ટ, માનકો, નકશાં, દસ્તાવેજી ફિલ્મો, ચિત્રપટ, ફોટોગ્રાફિક સ્લાઈડ, ટ્રાન્સ્પરેન્શીઓ શ્રાવ્ય સામગ્રીઓ અથવા દશ્ય-શ્રાવ્ય સામગ્રીઓ અને એ બધું જ્ઞાનના વિશિષ્ટ ક્ષેત્રોમાંની હરોળ ધરાવે છે. પરિણામ સ્વરૂપ વિશિષ્ટ વિષય ક્ષેત્રોમાં અથવા વિશિષ્ટ સ્વરૂપોના પ્રલેખોની વ્યવસ્થા માટે કેટલીક વિશિષ્ટ વર્ગીકરણ પદ્ધતિઓ ઊભી કરવામાં આવી. હીરા માર્ટેલા અને રોબર્ટ ન્યૂટન (1994) વિશિષ્ટ વર્ગીકરણ પદ્ધતિને વ્યાખ્યાંકિત કરી, જે :

"વિશિષ્ટ વર્ગીકરણ પદ્ધતિએ સંકિર્ણ લક્ષબિંદુ સાથેની પદ્ધતિ છે. મૂળભૂત રીતે, વિશિષ્ટ પદ્ધતિઓ ત્રણ બાબતો માટેનો પ્રયત્ન કરે છે, અભ્યાસ ક્ષેત્રની વિદ્યાશાખા અથવા વ્યવસાયિક પ્રસ્થાપિક રીતનું ક્ષેત્ર અથવા વિશિષ્ટ ઉપભોક્તા જૂથને માટેની પદ્ધતિ પૂરી પાડે અથવા તેઓ સ્વરૂપ સામગ્રીઓ જેને માટે વિશિષ્ટ માવજતની જરૂરિયાત રહેતી હોય છે."

એસ.આર. રંગનાથન (1967) વિશિષ્ટ વર્ગીકરણ પદ્ધતિની વ્યાખ્યા કરતાં લખે છે કે : "સૂક્ષ્મ વિષયોનું ગહન વર્ગીકરણ માટે રચાયેલી પદ્ધતિ, જે એક અને માત્ર એક એવા વિશિષ્ટ વિષય ક્ષેત્ર માટે લાગુ પડે છે."



### 3.9.1 લાભો/ફાયદાઓ (Benefits) :

વિશિષ્ટ વર્ગીકરણ પદ્ધતિઓના ફાયદાઓ નીચે પ્રમાણે છે :

વિશિષ્ટ પદ્ધતિઓ સૂક્ષ્મ વિષયોને પહોંચી વળવા માટેની પૂરતી અને ઈચ્છનીય વિગતો ધરાવતી હોય છે. વિશિષ્ટ વર્ગીકરણ પદ્ધતિઓ સંયુક્ત અને શૂક્ષ્મ વિષયો માટે જે સામાન્ય વર્ગીકરણ પદ્ધતિની તુલનામાં ઓછાં-લાંબા વર્ગઅંકો પૂરા પાડે છે. વિશિષ્ટ વર્ગીકરણ પદ્ધતિઓ વિશિષ્ટ ગ્રંથાલયો અથવા માહિતી કેન્દ્રોની વિશિષ્ટ પદ્ધતિઓ મહ્દઅંશે નવા ઉદ્ભવતા વિષય ક્ષેત્રને પોતાનામાં સમાવવાને માટે લવચિકતાવાળી હોય છે.

વિશિષ્ટ પદ્ધતિઓ વિષયના બધાં પાસાંઓને એક સાથે રાખીને પોતાનામાં સમાવી શકે છે, જ્યારે સામાન્ય પદ્ધતિમાં એ બધુ વેરવિખેર (અલગ અલગ) પથરાયેલું હોય છે.

વિશિષ્ટ પદ્ધતિઓ વિશિષ્ટ સ્વરૂપોની સામગ્રીઓને એકસાથે જ રાખી શકે છે અને આ પ્રકારના સ્વરૂપોવાળા પ્રલેખોને વેરવિખેર થતાં અટકાવી શકે છે.

વિશિષ્ટ પદ્ધતિઓ અદ્યતન રાખી શકાય છે. વિષયોના વિકાસની સાથે વિશિષ્ટ પદ્ધતિઓમાં અદ્યતન રાખવી સરળ પડે છે.

સામાન્ય પદ્ધતિઓમાં આંતરવિદ્યાકીય વિષયો વેરવિખેર પડેલાં હોય છે, જ્યારે વિશિષ્ટ પદ્ધતિઓ વિશિષ્ટ ગ્રંથાલયોની જરૂરિયાતો અને તેઓના ગ્રાહક સમૂદાયો માટેની આવશ્યકતા અનુસાર વિષયોને એકસાથે રાખવાની સગવડ પૂરી પાડે છે.

### 3.9.2 વ્યાપ (Scope) :

વિશિષ્ટ વર્ગીકરણ પદ્ધતિનો વ્યાપ વૈવિદ્ધતાભરી કક્ષાએ ખૂબ વ્યાપક હોય છે. વિશિષ્ટ વર્ગીકરણ પદ્ધતિઓ વિશિષ્ટ ક્ષેત્રો સુધી જ મર્યાદિત હોય છે, જેવા કે : મર્યાદિત વિશિષ્ટ ક્ષેત્રો, દાત. અવકાશી ભૌતિક વિજ્ઞાન, જૈવિક તંત્રવિજ્ઞાન, જીવરસાયણ, કમ્પ્યૂટર વિજ્ઞાન, પશ્ચિમી સંગીત, ભારતીય સંસ્કૃતિ, માહિતી વ્યવસ્થાપન, પશુપાલન વિજ્ઞાન અને ભારતીય સાહિત્ય.

મંડળ વિષયાંગોમાં મર્યાદિત જે સામાન્ય વર્ગીકરણ પદ્ધતિઓમાં સામાન્ય રીતે વેરવિખેર હોય છે, દાત. ભારતીય વિદ્યાઓ, માહિતી અને પ્રત્યાયન પ્રૌદ્યોગિકી, પત્રકારત્વ અને સામુદાયિક માધ્યમ, બીન-પરંપરાગત ઊર્જા સ્રોત, સમુદ્રવિજ્ઞાન અને દરિયાઈ શાસ્ત્ર.

- ચોક્કસ ભૌતિક સ્વરૂપોની મર્યાદિત કરતાં દાત. સ્થિર ફોટોગ્રાફ્સ, સેપ્સ, ડીવીડી, દશ્ય-શ્રાવ્ય સામગ્રીઓ, કાર્ટૂન, ચિત્રકલા.
- ચોક્કસ સ્વરૂપના પ્રકાશનને મર્યાદિત કરતાં, દાત. પેટન્ટ, સ્ટાન્ડર્ડસ, ટ્રેડ કેટલોગ, વેબસાઈટ્સ અને પ્રોસ્પેક્ટસ ઉપરાંત કમ્પ્યૂટર પ્રલેખ પ્રકારના પ્રકાશન જે રજૂઆત કરવાને માટે મર્યાદિત (પીપીડ અથવા પીપીટી) લેખનો પાઠ (પીડીએફ અથવા ડૉક સ્વરૂપે) પ્રતિકૃતિઓ (જેપીઈજી, બીએમપી, જીઆઈએફ, ટીઆઈએફએફ વગેરે) ચલિત છબીઓ અને ધ્વનિ (એમપીઈજી, ડબલ્યુએવી)
- વિચારોની ચોક્કસ પ્રકારની સ્વરૂપોની મર્યાદામાં દાત. બીન-નવલકથા, નવલકથા, કવિતા, નાટક, કાર્ટૂન સ્ટ્રીપ.
- ચોક્કસ પ્રકારના વાચકોની મર્યાદામાં, દાત. બાળકો, વિદ્યાર્થીઓ, નવ-શિક્ષિત, દષ્ટિ ક્ષમતા ધરાવતા શારીરિક ક્ષતિ ધરાવતા પ્રવાસીઓ.

### 3.9.3 અભિગમો (Approaches) :

વિશિષ્ટ પદ્ધતિઓની રચના અને વિકાસમાં આપણે વ્યાપક દૃષ્ટિએ વિશિષ્ટ પદ્ધતિઓના પ્રકારો જોઈ શકીએ. આ પ્રમાણે :

**i) સંપૂર્ણ સ્વયંસંચાલિત વિશિષ્ટ પદ્ધતિ :**

સામાન્ય વર્ગીકરણ પદ્ધતિથી સ્વતંત્રપણે પ્રલેખોની ગોઠવણી/વ્યવસ્થા માટે સંપૂર્ણ સ્વયંસંચાલિત વિશિષ્ટ પદ્ધતિની રચના કરવામાં આવી છે, વિશિષ્ટ વિષય માટે, અથવા વિશિષ્ટ સ્વરૂપો અથવા વિશિષ્ટ ઉપભોક્તા જૂથો માટે મર્યાદામાં રાખવાને માટે રચવામાં આવેલ છે.

**ii) અંશતઃ સ્વયંસંચાલિત વિશિષ્ટ પદ્ધતિ :**

વિશિષ્ટ વિષય ક્ષેત્ર માટે સ્વયંસંચાલિત પદ્ધતિની રચના કરેલ છે, સંબંધિત વિષય ક્ષેત્રો માટેની સામાન્ય પદ્ધતિ ઉપર એ આધારિત હોય છે. આ અભિત્રયે સંબંધિત વિષય ક્ષેત્રો માટેની સામાન્ય પદ્ધતિએ લાભ લીધો છે, એવું અપેક્ષિત છે કે, સામાન્ય પદ્ધતિ જ્ઞાન વિશ્વના વિસ્તરણના પ્રકાશનમાં પરિવર્તનોને પોતાનામાં કરી લે.

**iii) વિશિષ્ટ પદ્ધતિએ સામાન્ય પદ્ધતિ ઉપર આધારિત :**

એસ.આર. રંગનાથનના મત અનુસાર વિશિષ્ટ પદ્ધતિથી રચના એવી રીતે થઈ કે, એ સામાન્ય પદ્ધતિ ઉપર આધારિત છે. એનો અર્થ એટલો છે કે વિશિષ્ટ પદ્ધતિ એ બીજું કંઈ નથી પણ સામાન્ય પદ્ધતિનું વિસ્તરણ છે.

તેઓ બધું જ વર્ગીકરણની જરૂરિયાત ઉપર ભાર મૂક્યો. વિવિધ વિષય ક્ષેત્રો એ વિષયનો વ્યાપ ગમે તે હોય (વિસ્તરણ) અને ગહન વિષય ( )ની બધી જ આવશ્યકતાઓને તે પહોંચીવળે એવી હોવી જોઈએ. ડૉ. રંગનાથને સૂચવેલી 'બધું જ વર્ગીકરણ' એ વિધાન એવું સૂચિત કરે છે કે એ પ્રગતિશીલ ગ્રંથાલય વર્ગીકરણ સિદ્ધાંતો ઉપર આધારિત એવી મુખકીય પદ્ધતિ સાથે જ હોઈ શકે છે.

### 3.9.4 કેટલાંક ઉદાહરણો (Some Examples) :

- The London Classification of Business Studies. Published in 1970, was designed upon anlytico-synthetic principles.
- Harvad Classification of Business Studeis. Published in 1960, was designed upon enumerative principles.
- INSPEC Classification a classification scheme for physics, electro technology, computers and control. Published in 1988, was designed upon enumerative principles.
- The CI SfB system. For use in project information and related general information. Published in 1976, took a fully faceted approach and focused on construction industry.
- Moy's Classification Scheme for Law Books. First edition published in 1968 and 2nd edition in 1982. It used partial enumerative and partial synthetic principles.
- FIAF Classification Scheme for Literature on Film and Television. First edition published in 1980 and 2nd edition in 1992. It is primarily enumerative in structure. It also allows for some synthesis via the provision of Auxiliary Tables for Form. It is developed by International Federation of Film Archives.
- The Cheltenham Classification. A Library Classification for Schools., ",'at edition published in 1937 and 2nd edition in 1958. It was designed upon enumerative principles.
- Early Stages Library Classification Scheme and Index Pub-

lished in 1992. It targets specifically primary school years. It is opted for a colour-coding approach along with notation.

- Iconclass: An Iconographic Classification System. First edition published in 1947 and revised edition in 1983. It is a non-bibliographic classification system in order to provide a means of identifying the content of works of western art in terms of their subject content, themes and motifs.
- ACM's Computing Classification Scheme (CCS).
- Ei Classification. It was developed by Engineering Information Inc. It is used at the Edinburgh Engineering Virtual Library.
- National Library of Medicine (NLM) Classification. It specialises in providing access to biomedical information.
- International Patent Classification (IPC). It is developed and maintained by World Intellectual Property Organization (WIPO).

ડોક્યુમેન્ટેશન રિસર્ચ એન્ડ ટ્રેનીંગ સેન્ટર (ડીઆરટીએમ), બેંગ્લોર અને ક્લાસિફિકેશન રિસર્ચ ગ્રુપ (સીઆરજી) લંડન એ બંન્નેઓએ વિશિષ્ટ વર્ગીકરણ પદ્ધતિઓ વિકસાવવામાં નક્કર પ્રદાન કરેલ છે અને તેની કાર્યપદ્ધતિના વિકાસ માટે પણ ફાળો આપ્યો છે. ડીઆરટીસી ખાતે વિકસાવેલી કાર્યપદ્ધતિએ રંગનાથનના મુખક સિદ્ધાંતોનો આધારિત છે. CRG એ વિકસાવેલી પદ્ધતિઓ મહ્દઅંશે રંગનાથનના વિચારોથી પ્રભાવિત થયેલી છે.

વિશિષ્ટ વર્ગીકરણ પદ્ધતિની રચનાની કાર્યપદ્ધતિનો સારાંશ આ પ્રમાણે છે : વિષયની સમજણ કેળવણી, ઉપભોક્તાની જરૂરિયાતો ઓળખવી, પદો એકત્રિત કરવા, મુખકોમાં પૃથક્કૃત કરવા વંશાનુબદ્ધ સંબંધો પ્રસ્થાપિત કરવા, અનુસૂચિઓની માળખાનો મુસદ્દો તૈયાર કરવો, સૂચિ/નિર્દેશિકા તૈયાર કરવી, નમૂનારૂપ વિષયોના વર્ગાંક આપવા, સહાયકારકતા અથવા સંજ્ઞાની બાબતમાં અન્યથા તજ્જ્ઞોના અભિપ્રાય મેળવવા, ચકાસણી કર્યા બાદ અનુસૂચિઓનો અંતિમ મુસદ્દોનો નિર્ણય કર્યો, અને વર્ગીકૃત કરવા માટેના નિયમો ઘડવા.

DRTC એ શારદા રંગનાથન એનડાઉમેન્ટ ફોર લાઈબ્રેરી એન્ડ ઈન્ફોર્મેશન સાયન્સના સહયોગથી કોલન ક્લાસિફિકેશન આધારિત વિશિષ્ટ અનેક વિષયક્ષેત્રોમાં ગ્રહન અનુસૂચિઓ વિકસાવી, જેવી કે, પ્રોડક્શન એન્જિનીરિંગ, ગિયર, લોકોમેટિવસ, સ્ક્રૂ, નર, બિયરીંગસ કમ્બ્યૂસ્ટન એન્જિનસ, બેન્કીંગ, લાઈબ્રેરી સાયન્સ, ફૂડ ટેકનોલોજી, સોલર એનર્જી અને કેટલીક બીજી વર્ગીકરણ સંશોધનમાં DRTCએ 1962થી તેની સ્થાપના પછી ગહન વર્ગીકરણ અને વિશિષ્ટ પદ્ધતિ ક્ષેત્રે મહત્ત્વપૂર્ણ પ્રદાન કર્યું છે.

CRGની 1952માં થયા બાદ તેણે વિશિષ્ટ વર્ગીકરણ પદ્ધતિઓ રચવાની અને વિકસાવવાના ક્ષેત્ર પ્રમુખ પ્રદાન કર્યું. આમાંની કેટલીક વિશિષ્ટ પદ્ધતિઓ આ પ્રમાણે છે. ક્લાસિફિકેશન ફોર સોશયલ સાયન્સી (બી.એફ.ફાઈલ), સ્કીપ ફોર ડિપ્લોમાં ટેકનોલોજી (જે.ઈ.એલ.ફેસડેન દ્વારા), સ્કિમ ફોર સોઈલ અર્થસાયન્સ (બી.સી.વિકરી દ્વારા) બ્રિટીશ કેટલોગ ઓફ મ્યુઝિક ક્લાસિફિકેશન (ઈ.જે. કોર્ટ્સ દ્વારા) અને સ્કિમ ફોર લાઈબ્રેરી એન્ડ ઈન્ફોર્મેશન સાયન્સ એબ્સ્ટ્રેક્ટ (લીસા).

## 3.10 વર્ગીકરણ પદ્ધતિઓમાં સંશોધનના વલણો/પ્રવાહો TRENDS OF RESEARCH IN CLASSI FICATION SYSTEM :

1980ના દાયકામાં વર્ગીકરણ અભ્યાસ નિમ્ન કક્ષાએ હતું. ગ્રંથાલય અને માહિતી કાર્યમાં કમ્પ્યૂટરોનો ઉપયોગ ને લઈને કંઈક પ્રદાનને ઉદાસ પરિસ્થિતિ હતી. કમ્પ્યૂટરીય માહિતીપદો (ડેટાબેઝીસ)

માહિતી માટે આ શોધ બિંદુઓ ઘણા બધા પૂરા પાડેલી છે, જે ઉપભોક્તા વિચારે છે તે માહિતી તેની/તેણીની આવશ્યકતા અનુસાર વિશેષ યોગ્ય રીતે ગોઠવણી કરીને આપે છે. ચાવીરૂપ શબ્દો દ્વારા (માહિતીની) શોધવાની પૂરતા પ્રમાણે સાનુકૂળ આવેલ હતી. તેને લઈને, કોઈપણ વર્ગીકરણ પદ્ધતિના ઉપયોગની જરૂરિયાત ન રહી. કેટલાંક કમ્પ્યૂટરના ઉત્સાહીઓએ ગ્રંથાલય વિજ્ઞાનના પાઠ્યક્રમમાંથી વર્ગીકરણ અભ્યાસે રદ કરી દેવો જોઈએ એવો પ્રચાર કર્યો. ગમે તે, 1980ના દાયકાના પાછલાં વર્ષોમાં એવું શોધાયું કે ઓનલાઈન કેટલોગ્સ માટે વર્ગીકરણના ઘણાં બધાં ઉપયોગ છે અને કમ્પ્યૂટર સહાયક માહિતી પુનઃપ્રાપ્તિ માટે ચોકસાઈપૂર્ણ પુનઃપ્રાપ્તિની સરેરાશમાં વધારો થઈ શકે છે. એને પરિણામે, વર્તમાન સમયમાં વર્ગીકરણ અભ્યાસનો પ્રવાહમાં ઓનલાઈન પબ્લિક એક્સેસ કેટલોગ (OPACS) વર્ગીકરણનો ઉપયોગ વિશેષ પ્રભુત્વ ધરાવે છે. DDC, UDC, LC અને BBK ના ઉપયોગ દ્વારા ઓનલાઈન કેટલોગ સાથે તેની પ્રભાવકતા શોધવા માટેના પ્રયોગ હાથ ધરવામાં આવ્યા છે. યુડીસી, ડીડીસી, એલસી અને બીએસઓ હવે વિજાણુકીય માધ્યમોમાં પ્રાપ્ય બનેલ છે. કમ્પ્યૂટર ડીડીસી જેવી મોટી પદ્ધતિઓમાં પુનઃસંવર્ધનના એક સહાયક સાધન તરીકે ઉપયોગમાં લેવાય છે અને મોટાભાગની પદ્ધતિમાં હવે વિજાણુકીય સ્વરૂપે ઉપલબ્ધ છે. આથી વિશેષ ઈન્ટરનેટ દ્વારા શોધ કાર્યમાં વર્ગીકરણનો ઉપયોગ થઈ શકે છે, વેબમાંથી માહિતીની પુનઃપ્રાપ્તિ એટલી સરળ બની રહે છે. અન્ય પ્રવાહો વિષે જાણી શકાય છે જે આ પ્રમાણે છે.

1) વિષયોના વિકાસની પદ્ધતિઓનો આધાર વર્ગીકરણ પદ્ધતિઓ પર આધારિત છે.
2) માનક અને સાંપ્રત પરિભાષાનો ઉપયોગ કરો.
3) વર્ગીકરણની સામાન્ય પદ્ધતિઓ વિશિષ્ટ અને સામાન્ય વર્ગીકરણ પદ્ધતિઓને વારાફરતી સેવા આપી શકે તેવી રચો.
4) બધા જ દેશો અને બધી જ સભ્યતાઓ માટે ઉપયોગ થઈ શકે તેવી રાષ્ટ્રીયતા અને સાંસ્કૃતિક પૂર્વગ્રહથી વર્ગીકરણ પદ્ધતિઓ બનાવો.
5) વિવિધતાભર્યા વધારે પેટાવિભાજનો શોધવા.
6) સંજ્ઞા સર્વતોમુખી અને સરળ બનાવો.
7) સૂચિની ભાષાઓ અને શબ્દાવલી નિયંત્રણના સાધનોની રચનામાં વર્ગીકરણ અને તેના સિદ્ધાંતનો ઉપયોગ કરો.
8) કમ્પ્યૂટર દ્વારા વર્ગાંકનું સંયોજન સ્વયંસંચાલિત થઈ શકે માટે તજ્જ્ઞ પદ્ધતિઓની રચના કરો.
9) ઝૂમખા પૃથક્કરણ અને કાર્ય આવર્તન ગણતરી દ્વારા સ્વયંસંચાલિત વર્ગીકરણનો પ્રયોગ કરો.

વર્ગીકરણ પદ્ધતિઓ અને સંસ્થાઓ વચ્ચે કોઈ પ્રકારની દુશ્મનાવટ અથવા પાછી પાડવાની હરિફાઈને બદલે સહાયકારને સ્વસ્થ પ્રવાહ છે. વર્ગીકરણ પદ્ધતિની રચના માટે તેઓ વચ્ચે રહેલા સહકારની વૃત્તિ એ ધ્યાનમાં આવેલ છે. UDC ને વૈજ્ઞાનિક રીતે મુખકીય બનાવવા માટે UDC અને BC-2 એકબીજાની સાથે સહકારનો હાથ મીલાવ્યો છે. UDC 61 વૈદકના કોઠાઓ BC-2ની રૂપરેખાને આધારે રચવામાં આવ્યાં છે એ બે પદ્ધતિઓ વચ્ચે સક્રીય સહકારનું પરિણામ છે. એ જ રીતે UDC અને DDC એ સાથે મળીને ભૌગોલિક તાલિકાઓ તૈયાર કરી છે. અન્ય વિરોધી પદ્ધતિઓના સંપાદકીય મંડળોના અન્ય પદ્ધતિઓના સંપાદકોને રચવામાં આવ્યા છે. એ નોંધાવું રસપ્રદ છે કે આ બધા જ પ્રવાહો વર્ગીકરણની મુખકીય પદ્ધતિઓના સંદર્ભમાં જોડાયેલ છે. ઘણાં લાંબા સમયથી ગ્રંથાલયો નવી સામાન્ય વર્ગીકરણ પદ્ધતિની જરૂરિયાતની લાગણી અનુભવતા હતાં, જેમાં જ્ઞાનની આધુનિક રૂપરેખાનું પ્રતિબિંબ ઝીલાતું હોય અને મુખક પૃથક્કરણના સિદ્ધાંતો ઉપર આધારિત હોવી જોઈએ. કેટલાંક વિદ્વાનો એવી લાગણી અનુભવતા હતા કે જ્યારે યુ.કે.માં લાલઈંટોવાળા વિશ્વવિદ્યાલયો તરીકે ઓળખાતા હતા, એ આરસામાં નવી પદ્ધતિની રચનાની તક 1960ના દાયકામાં ખરેખર વિસરાઈ ગઈ હતી. આ પ્રકારની બીજી તક જ્યારે ફ્રેંચ અને બ્રિટનના રાષ્ટ્રીય ગ્રંથાલયો તેઓના નવા ભવ્ય અને શ્રેષ્ઠ ભવનો ખસેડવામાં આવ્યા ત્યારે આ તકનો ઉપયોગ કરવામાં આવ્યો નહિં.

ઈન્ટરનેશનલ સોસાયટી ફોર નોલેજ ઓર્ગેનિઝેશન(ISKO)ની પહેલી પરિષદ ઓગસ્ટ 1890માં જર્મનીમાં ભરવામાં આવી હતી, ત્યારે સદગત એરિક દ ગ્રોલિયર્સ એકીકરણીય વર્ગીકરણની પદ્ધતિઓ અંતે તેના સામાન્ય સિદ્ધાંતની જરૂરિયાત ઉપર ખૂબ જ ભાર વિશાળતા અને આકાશ જેટલા ખૂબ જ અઢળક નાણાંની જરૂરિયાત રહે છે. નવી વર્ગીકરણ પદ્ધતિઓ વિકસાવવા એ નિરુત્સાહી કરતા કાર્ય છે, હકીકતે ગ્રંથપાલો માટે તેના ઘણાં સારા કારણો હતાં, તેઓ જૂની અને અપૂર્ણ એવી જૂની પદ્ધતિને ચાલુ રાખવા પસંદ કરતાં. ગ્રંથાલયે વર્ગીકરણની જે પદ્ધતિને ચાલુ રાખવા પસંદ કરતાં. ગ્રંથાલયે વર્ગીકરણની જે પદ્ધતિ સ્વીકારેલી હોય, ગમે તેમ પણ કાર્યક્ષમ અને વૈજ્ઞાનિક નવી પદ્ધતિ હોવા છતાં એને સ્થાને અન્ય કોઈપણ પદ્ધતિને સરળતાથી બદલી શકાતી નથી. આથી કરીને, જો કે નવી સામાન્ય પદ્ધતિઓ હોવા છતાંય ઘણાં વિશિષ્ટ વિષયની વર્ગીકરણ પદ્ધતિઓ વારંવાર રચાયેલી છે. ગ્રંથપાલો અપૂર્ણ એવી સામાન્ય વર્ગીકરણ પદ્ધતિઓ સાથે જીવવવાને શીખી ગયા છે, અને એના ઉપાયરૂપે તેઓએ વિશિષ્ટ પદ્ધતિઓની રચના કરી, સૂચિકરણ અને નિર્દેશીકરણની કાર્યપદ્ધતિઓ રચવાના પ્રયત્નો કર્યા છે. વર્ગીકરણ અને સૂચિકરણ પદ્ધતિ અન્યોન્ય હળીભળીને સારી વ્યવસ્થા ઉભી કરેલ છે. અને આપણી પુનઃપ્રાપ્તિની પદ્ધતિઓ સંગ્રહિત થયેલ માહિતીની પુનઃપ્રાપ્તિ કાર્ય કરી રહ્યો છે.

કેટલીક સમર્પિત વ્યક્તિઓએ અનેક વિશિષ્ટ વર્ગીકરણ પદ્ધતિઓ તેઓમાં રહેલા ઉત્સાહને લઈને વિકસાવી હતી. પણ તેઓની વ્યવસાયમાંથી નિવૃત્ત થયા પછી પદ્ધતિઓમાં થોડું પુનઃસંવર્ધન કર્યું હતું. બીજી તરફ, કેટલીક વિશિષ્ટ વર્ગીકરણ પદ્ધતિઓને વ્યવસાયિક સંગઠનોએ ટેકો આપ્યો, સારી સંભાળ લીધી અને વારંવાર પુનઃસંવધિત કરી. WIPO(વર્લ્ડ ઇન્ટેલેકચ્યુઅલ પ્રોપર્ટી ઓર્ગેનિસ્કશ)ને પેટન્ટ ક્લાસિફિકેશન સ્કિમની પુરસ્કર્તા બની અને ACM (એસોશિયેશલ ઓફ કમ્પ્યૂટિંગ મશીનરીઝ)એ કમ્પ્યૂટીંગ ક્લાસિફિકેશન સ્કીમની પુરસ્કર્તા બની, આવા ઉદાહરણો કે, જે વિષયોની વૃદ્ધિને નિયમિત સમયાંતરે તેનું પુનઃસંશોધનો કરતાં રહ્યાં. જેવી કેટલીક વિશિષ્ટ વર્ગીકરણ પદ્ધતિઓ વિજાણુકીય સ્વરૂપોમાં પણ પ્રાપ્ય બની છે, જેવી કે CD-ROM અને Internet આ પ્રયત્નએ આ વર્ગીકરણ પદ્ધતિઓને વિશ્વભરમાં વધુ પ્રાપ્ય બનાવી. કેટલીક ગહન વર્ગીકરણ અને વિશિષ્ટ વર્ગીકરણ પદ્ધતિઓને વિજાણુકીય માહિતી સ્રોતોની વ્યવસ્થાને પરિચિત કરાવી હતી, વિશેષતા ઈન્ટરનેટ સ્રોતોને શોધ સેવાઓમાંથી પુનઃપ્રાપ્તિઓને વધુ પ્રસ્તુતરૂપે ઉત્પાદિત કરી. ઈન્ટરનેટ સ્રોતોને વ્યવસ્થિત કરવાને માટે વર્ગીકરણના સામાન્ય સિદ્ધાંતો એ હવે સંશોધનનું નવું ક્ષેત્ર છે અને ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનના સંશોધકો એ જ રીતે કમ્પ્યૂટર વિજ્ઞાન સંશોધકોએ આ ક્ષેત્રમાં ખેડાણ કરવાને સંકળાવું જોઈએ. 1960 અને 1970ના દાયકાઓ તુલનામાં નવી ગહન વર્ગીકરણ પદ્ધતિ અને વિશિષ્ટ વર્ગીકરણ પદ્ધતિઓએ DRTC અને CRG જેવી સંસ્થાઓ પોતાનું લક્ષ્ય કોઈક કારણોસર ત્યજી દીધું.

◆ **તમારી પ્રગતિ ચકાસો.**

9) ગ્રંથાલય વર્ગીકરણ અભ્યાસો અને સંશોધનના પ્રમુખ પ્રવાહોની યાદી આપો.

નોંધ : i) નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તર લખો.

ii) આ એકમના અંતે આપેલા જવાબો સાથે તમારો ઉત્તર ચકાસો.

......................................................................

......................................................................

......................................................................

......................................................................

......................................................................

......................................................................

## 3.11 સારાંશ (SUMMARY)

DDC (1876)થી આધુનિક વર્ગીકરણ પદ્ધતિઓનો આરંભ થયો, જે 125 વર્ષથી વધુ એવી જૂની પદ્ધતિ છે. ત્યાર પછીથી DDCએ ગ્રંથાલયોના દંપતીની વ્યવસ્થા માટે ઘણી સામાન્ય ગ્રંથવર્ગીકરણ પદ્ધતિઓને પ્રેરણા આપીને જીવંત છે, જ્યારે કેટલીક વૈશ્વિક સ્તરે અર્થહીન અથવા મૃતઃપ્રાય બની.

આ કુળની DDCમાં હજુ સ્પષ્ટ દ્દષ્ટિગોચર અને પ્રચલિત વધુ છે. તેનામાં ઘણી બધી નબળાઈઓ હોવા છતાં તે વધુ બળવાના અને પ્રબળતર બની રહી છે. ઘણાંબધા માટે, તે વર્ગીકરણ છે. 135 દેશોના 2,00,000 ગ્રંથાલયોમાં તેનો ઉપયોગ થઈ રહ્યો છે. વર્તમાનમાં, તેની 22મી આવૃત્તિ (2003) મુદ્રિત અને વિજાણુકીય સ્વરૂપે પ્રાપ્ય છે. તેની બહેન જેવી પ્રતિસ્પર્ધી એવી UDC પદ્ધતિએ 20મી સદીના આરંભમાં જ DDCને અનુસરી સ્વીકારી હતી. અગાઉ FIDની જે મિલકત હતી, જાન્યુઆરી 1992થી બહુરાષ્ટ્રીય UDC કોન્સોર્ટિયમ (UDCCએ તેને ખરીદી લીધી હતી, જેને વેપારી ધોરણે મોટેભાગે ચલાવે છે. આ પહેલી મુખકીય પદ્ધતિ છે, જે સૂક્ષ્મ પ્રલેખ સાહિત્ય જેવા કે અહેવાલો, પેટન્ટ્સ અને સામયિક લેખોને વર્ગીકૃત કરવાને માટે રચવામાં આવી હતી, અને વાઙ્મયસૂચિઓ અને સૂચિઓ માટે ઉપયોગમાં લેવાય છે. 20 ભાષાઓમાં સંપૂર્ણ અથવા અંશતઃરૂપે પ્રાપ્ત છે. તેની 4th આવૃત્તિ બ્રિટીશ સ્ટાર્ન્ડર્ન્ડ્સ ઈન્સ્ટીટ્યુશન દ્વારા અંગ્રેજીમાં પ્રકાશિત કરી હતી. ઈન્ટરનેશનલ મિડિયમ અડિસન IME 1985-1988 અને તેની પુનઃર્પતિત આવૃત્તિ (1993), જેમાં 61,000 મોટાભાગની સાંપ્રત એવી પ્રચલિત નોંધો છે. માનક આવૃત્તિ સાથે 61,000 નોંધો ત્રિભાષામાં (અંગ્રેજી,ફ્રેંચ અને જર્મન) આપેલી છે, જેનું વર્ઝન માત્ર વિજાણુકીય સ્વરૂપે પ્રાપ્ય છે, અને બધી જ ભાષા વિષે અને રાષ્ટ્રીય આવૃત્તિઓની જનક છે. ખિસ્સા આવૃત્તિ (Pocket edition) (1999) માટે માત્ર 4000 વ્યાપક વિભાગોવાળી અદ્યતન એવી યંત્ર વાંચી શકે એ સ્વરૂપમાં પ્રાપ્ત છે. તેના પછી પ્રચલિતામાંથી લાઈબ્રેરી ઓફ કોંગ્રેસ ક્લાસિફિકેશન છે, જેની રૂપરેખા 1905માં પ્રકાશિત થઈ, જેની હવે 6th આવૃત્તિ (1990) છે. આ પદ્ધતિ શુદ્ધ ગણનાક્ષમ હોઈને અને 21 મુખ્યવર્ગો સાથેની ઘણી જ વિગતપૂર્ણ છે, તે કદમાં વિશાળ છે અને 48 ખંડોમાં પ્રત્યેક ખંડના 11000 પાનામાં છે. તે ગણનાક્ષમ વર્ગીકરણનું સંપૂર્ણ ઉદાહરણ છે. યુએલએ અને વિદેશોના મોટા સંશોધન અને યુનિવર્સિટી ગ્રંથાલયોમાં પ્રચલિત છે. એ ઉપરાંત LCના અંકો MARC રેકર્ડ અને CIP ડેટામાં પ્રાપ્ત છે. મહાન ગ્રંથાલય સાથે સંકળાયેલ હોવાને કારણે તેનામાં રહેલાં સ્વાભાવિક માળખાગત ખામીઓની સામે ટક્કર ઝીલી શકે તેવી નથી, છતાં તેનું ભાવિ સુરક્ષિત છે. તે ક્લાસિફિકેશન પ્લસ ગ્રંથનામે CD-ROM સ્વરૂપે પણ સુલભ પ્રાપ્ત છે. વર્ગીકરણ ડેટા USMARC સ્વરૂપે પ્રકાશિત કરેલ છે, જેમાં Classification Plusની અનુસૂચિઓ તેમજ LCના વિષય મથાળાઓમાં સમાવેલા છે. રંગનાથનની કોલન ક્લાસિફિકેશનને ભારતની રાષ્ટ્રીય વર્ગીકરણ પદ્ધતિને બીનઅધિકૃતપણે આગળ ધરવામાં આવે છે, જે 1993માં પ્રથમવાર પ્રકાશિત થઈ હતી. તેણે લઈને ગ્રંથાલય વર્ગીકરણમાં મહાન પરિવર્તન આણ્યું છે, હવે તેને સ્થાને BC-1એ ફાળવેલ વર્ગીકરણનું નમૂનારૂપે સ્થાન ઉપર CC ચોક્કસપણે આધારિત છે, તે સામાન્યપણે સિદ્ધાંતના ભાગરૂપે બની છે. હમણાં તેની 7th આવૃત્તિ (1987) છે. નવી આવૃત્તિમાં ઘણાં દૂરગામી પરિવર્તનો વિશેષતઃ નવા પાયાગત વિષયોના સ્વયંસિદ્ધ સત્યો અને ભિન્ન ભિન્ન વૈવિધ્યતા દર્શાવતા સામાન્ય પૃથકો સમાયેલ છે. કેટલાક પરિવર્તનો સંજ્ઞામાં પણ કરવામાં આવ્યા છે. તે બહુ ઓછી ઉપયોગમાં લેવાની વર્ગીકરણ છે. તેનું પ્રદાન તેની કાર્યપદ્ધતિઓ અને નક્કર સૈદ્ધાંતિક આધાર હોઈને, વર્ગીકરણના સિદ્ધાંત અને વ્યવહારમાં બહુ ક્રાંતિકારી પરિવર્તનો કર્યા છે. બિબ્લિયોગ્રાફિક ક્લાસિફિકેશન (BC)ની સૌથી પહેલાં એચ.ઈ. બ્લિસે 1940-1953માં રચી હતી, જેની આજે બીજી આવૃત્તિ BC-2 એ પ્રચલિત નામે જાણીતી છે. જે.મિલ્સે સંપાદિત કરી હતી. જો કે એ હજુ અપૂર્ણ સૌથી વધુ આધુનિક, વ્યવહારું અને વૈજ્ઞાનિક વર્ગીકરણ આ જે પ્રાપ્ત છે. તે રંગનાથનના મુખક પૃથક્કરણ સિદ્ધાંતો ઉપર આધારિત છે અને આધુનિક જ્ઞાનની રૂપરેખાનું પ્રતિબિંબ પાડે છે. તેની આરંભની સફળતા ધ્યાન ખેંચે છે. યુકેના 90 ગ્રંથાલયોમાં અને અન્ય સ્થાને તે ઉપયોગમાં લેવાય છે. તેનો ઉપયોગ વધી શકે છે. J Education એ શિક્ષણન વર્ગીકરણમાં સૌથી ઉત્તમ માનવામાં આવે છે. અન્ય વિશાળકાય વર્ગીકરણ રૂસ્ત (રશિયન) BBK છે જેની રચના 1961-1968 દરમિયાન કરવામાં આવી હતી. તેની સંપૂર્ણ આવૃત્તિ 25 ખંડો ધરાવે છે, પણ તેનાં ઘણાં સંક્ષેપો પ્રાપ્ત છે. એ અર્ધ-મુખકીય વર્ગીકરણ સાથે યુડીસીના નમૂનાઓને આધારે ઘણી વધારાની તાલિકાઓ આપેલ છે. માર્કસવાદ-લેનિનવાદ દ્દષ્ટિબિંદુવાળા જ્ઞાનને વર્ગીકૃત કરવાને રચવામાં આવી હતી. તે સમયના USSRમાં પૂર્વેના વોર્સો કરાર સાથે ઉપયોગમાં લેવાય છે. સામ્યવાદના પતનબાદ તેનું ભાવિ ચોક્કસ જણાય છે. બ્રોડ સિસ્ટમ ઓફ ઓર્ડરીંગ (BSO) પદ્ધતિ યુનેસ્કોએ યુનિસિસ્ટ પ્રોગ્રામ માટે પુરસ્કૃત કરેલ છે. જેની રચના FID/BSOની પેનલના વડા એરિક જે. કોટ્સ દ્વારા રચાયેલ છે. 6800 વ્યાપક વિભાગો છે, સામાન્ય અર્થમાં પુસ્તકોની ગોઠવણી માટે પણ નહોતી કરી. તેની રચના છત્ર વર્ગીકરણ અથવા સ્વીચીંગ ભાષા તરીકે કરવામાં આવી હતી,

જેનો અર્થ કડી અથવા રૂપાંતર ભાષા એક નિર્દેશીકરણની ભાષામાંથી વાઙ્‌મયસૂચિગત માહિતી અન્યમાં અથવા એક માહિતી પદ્ધતિમાંથી અન્યમાં ફેરવવા માટેની મધ્યસ્થ તરીકે રચવામાં આવી હતી. હમણાં તેની ચોથી આવૃત્તિ (1978) છે અને તે માત્ર 3 ફ્લોપીઓમાં મળે છે. આ અદ્વિતીય પદ્ધતિમાં કોઈ વધુ રસ લેતું નથી.



વર્ગીકરણનો ઈતિહાસ એ ગણનક્ષમથી મુખકીય વર્ગીકરણમાંથી વ્યાપક પણ ભૂલરહિત પ્રગતિનો પ્રવાહ દર્શાવે છે. પુનઃસંશોધિત DDC, UDC અને BC-2 એ આ પ્રવાહનો સિરમહોર છે. CCનો સૌથી મોટી અસર નવી પદ્ધતિની રચના કરવામાં અને જૂની પદ્ધતિઓના પુનઃસંવર્ધન કરવામાં પડી છે. વિશિષ્ટ અને જૂની પદ્ધતિઓના પુનઃસંવર્ધન કરવામાં પડી છે. વિશિષ્ટ વિષય વર્ગીકરણ પદ્ધતિએ લોકપ્રિયતામાં અને મુખકીય અભિગમવાળી ચોક્કસ છે. આ દિવસોમાં સંશોધનના ક્ષેત્રમાં, સૌથી મહત્ત્વપૂર્ણ ઓન-લાઈન પબ્લિક એક્સેસ કેટલોગ (OPAC)માં વર્ગીકરણનો ઉપયોગ, વિજાણુકીય ડેટાબેઝ, ઈનરનેટની શોધ પ્રક્રિયા રીતિઓ પ્રવર્તમાનમાં નવી સામાન્ય વર્ગીકરણ પદ્ધતિની રચના કરવામાં આવી નથી, જ્યારે ઘણાં વિદ્વાનો એવી આગામી ધરાવે છે કે અન્ય સામાન્ય વર્ગીકરણ પદ્ધતિની રચના કરવા માટેનો યોગ્ય સમય છે, જેમાં જ્ઞાનની રૂપરેખાનું અદ્યતન પ્રતિબિંબ ઝીલાતું હોય અને વિજાણુકીય અને નેટવર્ક માહિતીનો વ્યવસ્થા થઈ શકે.

આ એકમમાં તમે વિશિષ્ટ વર્ગીકરણ પદ્ધતિઓ વિષે અભ્યાસ કર્યો/શીખ્યા. સામાન્ય વર્ગીકરણ પદ્ધતિ જ્ઞાન વિશ્વનો વ્યાપક પરિપેક્ષ્યની સાથે સંકળાયેલી છે, જ્યારે વિશિષ્ટ પદ્ધતિને સુક્ષ્મ વિષયોની સાથે અથવા પ્રલેખોના વિશિષ્ટ સ્વરૂપો સાથે સંબંધ ધરાવે છે. આ એકમમાં તમે વિશિષ્ટ વર્ગીકરણ પદ્ધતિઓની લક્ષણો/ખાસિયતો, વ્યાપક, તેની રચનાની કાર્યપદ્ધતિ અને ઉદાહરણો વિષે શીખ્યા. વિશિષ્ટ વર્ગીકરણ પદ્ધતિઓ ઉદાહરણો વિષે શીખ્યા. વિશિષ્ટ વર્ગીકરણ પદ્ધતિઓ કેટલાંક વિશિષ્ટ ગ્રંથાલયો અને માહિતી કેન્દ્રોમાં ઉપયોગમાં લેવાય છે. અનેક વિશિષ્ટ વર્ગીકરણ પદ્ધતિઓ વિજાણુકીય માહિતી સ્રોતની વ્યવસ્થામાં ઉપયોગમાં લેવાય છે.

## 3.12 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો ANSWER TO SELF CHECK EXERCISES

1) DDCની કેટલીક મહત્ત્વપૂર્ણ ખાસિયતો તેમાં સામેલ છે :

i) તે વિદ્યાશાખા પ્રમાણેનું વર્ગીકરણ છે, તેમાં સમગ્ર જ્ઞાન વિશ્વને દસ મુખ્યવર્ગોમાં વિભાજિત કર્યું છે. તે દરેક વર્ગ ફરીથી 10 પેટાવિભાગોમાં વિભાજિત કરેલ છે અને એમાં દશાંશ સંજ્ઞાનો ઉપયોગ કર્યો છે.

ii) આ પદ્ધતિ ભારતીય અરબી અંકોવાળી શુદ્ધ અને સરળ સંજ્ઞાનો ઉપયોગ દશાંશ તરીકે ઉપયોગ લીધેલ છે. દશાંશ સંજ્ઞાકન એ ખૂબ ઉપયોગી છે જેમાં વિષયોની વંશાનુબદ્ધતા દર્શાવવા અને નવાં ઉદ્‌ભવતા વિષયોને હંમેશ અનુકૂળ બની રહે છે.

iii) તેની સંબંધાનુરાગી સૂચિ અનુસૂચિઓમાં છૂટા છવાયાં પડેલા વિષયાંગોને એક સાથે લાવી આપે છે.

2) વેબડ્યૂઈના લાભો : i) સતત અદ્યતન, ii) ઘણાંબધાં શોધતત્વો, અને iii) પ્રદર્શનનો વિકલ્પ તેના છે.

3) UDCની વિવિધ આવૃત્તિઓ આ પ્રમાણે છે :

i) UDC સંપૂર્ણ આવૃત્તિ (2005)

ii) UDC મધ્યમ આવૃત્તિ (1993)

iii) UDC સંક્ષિપ્ત આવૃત્તિ (2003)

iv) UDC ઓનલાઈન

4) LCC એ શુદ્ધ ગણનાક્ષમ છે, i.e, વર્ગસમંક તૈયાર મળી શકે છે અને તેમાં સંયોજનની વ્યવસ્થા બહુ થોડી છે. તે ખૂબ જ વિગતપૂર્ણ છે. લાઇબ્રેરી ઓફ કોંગ્રેસમાં જે પ્રાપ્ત છે. તેના પાયાઉપર તેનો સાહિત્યાદેશ રહેલ છે.

5) A/Z(રોમન મોટા કદના અક્ષરો) (D ગ્રીક ડેલ્ટા) 0/9 ભારતીય અરબી અંકો, a/z (i, l, o સિવાય) નાના કદના રોમન મૂળાક્ષરો અગ્રગામી અંકો સાથે અગ્રતાવાળી મૂલ્ય, *

(એસ્ટેટિક) " (બેવડા ઉલટાવેલા અલ્પવિરામો), ← (પાછું તીર) સામાન્ય સૂચક અંકો () (કૌંસ), ' (ઉલટાવેલું અલ્પ વિરામ) . (પૂર્ણવિરામ) : (વિસર્ગચિહ્ન) ; (સેમી-કોયા) , (અલ્પ વિરામ) - (લઘુરેખા) = બરાબરનું ચિહ્ન → (સામું તીર) + (વત્તા).

6) i) મુખ્યવર્ગોનો ક્રમ શૈક્ષણિક અને વૈજ્ઞાનિક અભિપ્રાય ઉપર આધારિત છે.

ii) રોમન મોટાકદના મૂળાક્ષરો અને ભારતીય-અરબી અંકો ઉપયોગમાં લઈને સંજ્ઞા સરળ અને ટૂંકી છે.

iii) પદ્ધતિ સંજ્ઞાનો ઉપયોગ કરે છે.

iv) ડૉ. એસ.આર. રંગનાથને સૌ પહેલાં આપેલી આધુનિક મુખક પૃથક્કરણના સિદ્ધાંતો અને કાર્યપદ્ધતિ આધારિત આ પદ્ધતિ છે.

7) BBKની રૂપરેખા ભારતીય-અરબી અંકોમાં નીચે પ્રમાણે છે :

1 આંતરવિદ્યાકીય શાખાકીય જ્ઞાન

2/5 વિજ્ઞાન, પ્રાયોજિત વિજ્ઞાન, અગ્રીકલ્ચર, અને વૈદકવિજ્ઞાન

6 સામાજિક વિજ્ઞાનો

7 સભ્યતા અને શિક્ષણ

8 ભાષા અને સાહિત્ય

86 ધર્મ અને ઈશ્વરવાદ

87/88 મનોવિજ્ઞાન

9 વૈશ્વિક વિષયો

9) ગ્રંથાલય વર્ગીકરણમાં કેટલાંક પ્રમુખ પ્રવાહો આ છે :

i) વર્ગીકરણ પદ્ધતિનો આધાર વિષયોના વિકાસના પ્રવાહ ઉપર આધારિત છે.

ii) માનક પદાવલીઓ

iii) સામાન્ય વર્ગીકરણ પદ્ધતિઓની રચના વિશિષ્ટ અને સામાન્ય વર્ગીકરણ પદ્ધતિઓને વારાફરતી સેવા બજાવી શકે.

iv) વિવિધતા દર્શાવતા વધારાના પેટાવિભાજનો શોધવા.

v) સંજ્ઞા સાદી પણ વધુ બનાવો, અને

vi) વિજાણુકીય ડેટાબેઝમાં, ઓપેક અને ઈન્ટરનેટ શોધ પદ્ધતિમાં વર્ગીકરણનો ઉપયોગ શોધો.

## 3.13 ચાવીરૂપ શબ્દો KEY WORDS :

**ક્લાસિફિકેશન પ્લસ (Classification Plus)** : સીડી-રોમ ઉપર લાઈબ્રેરી ઓફ કોંગ્રેસની અનુસૂચિઓ

**ગણનાક્ષમ વર્ગીકરણ (Enumerative Classification)** : એ એવું વર્ગીકરણ છે કે જે પદ્ધતિસર રીતે ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્યમાં આવનારા બધા જ પ્રકારના વિષયોની યાદી કરે છે. આ પદ્ધતિમાં વર્ગ અંકો તૈયાર મળે છે. લાઈબ્રેરી ઓફ કોંગ્રેસ અને રાઈડર્સની ઈન્ટરનેશનલ ક્લાસિફિકેશન એ ગણનાક્ષમ શૈલીના ઉત્તમ ઉદાહરણો છે.

**ફેરબદલી ભાષા (Switching Language)** : એ છે કે જે નિર્દેશીકરણના નિર્ણયોને નિર્દેશીકરણની એક ભાષામાં નોંધાય છે અથવા વર્ગીકરણ પદ્ધતિ એને અન્યમાં અનૂદિત કરે છે. (એટ્રિક હન્ટર) BSOએ માહિતી સ્થળાંતર ફેરબદલ (સ્વિચીંગ) અથવા વિનિમયની ભાષાનું ઉદાહરણ છે. તે આશ્રમ વર્ગીકરણ તરીકે પણ જાણીતું છે.

**મુખકીય વર્ગીકરણ (Faceted Classification) :** આ એવી જાતનું વર્ગીકરણ છે કે જે વિષયને કેટલાંક સ્વયંસિદ્ધ સત્યોમાં તેની વ્યાપક ખાસિયતોમાં વિભાજિત કરી નાંખીને મુખકોને પૂર્વનિર્ધારિત કરેલ ક્રમમાં નિયમો અનુસાર સંયોજિત કરવામાં આવે છે. વિશિષ્ટ વિષયોમાં તેના તૈયાર અંકો આવ્યાં છે. વિશિષ્ટ વિષયોમાં તેના તૈયાર અંકો આવ્યાં છે. ગણનાક્ષમ વર્ગીકરણથી ભિન્ન જે સંયુક્ત વિષયો અને ગુંફિત વિષયોના તૈયાર વર્ગાંકો આપતી નથી. આધુનિક પ્રવાહ મુખકીય અને પૃથક્કરણીય સંયોજિત વર્ગીકરણ તરફનો છે.

**વર્ગીકરણ અનુસૂચિઓ/કોઠાઓ (Classification Shedule) :** ગ્રંથાલય વર્ગીકરણનો હાર્દભાગ જેમાં પદ્ધતિસર રીતે વિષયોની યાદીઓ ખૂબ જ લાંબી હોય, જેની સાથે તેઓની સંજ્ઞા અને કેટલીક નોંધો હોય, જ્યાં જરૂર પડે ત્યાં કેટલીક નોંધો દરેકની સાથે આપેલ હોય.

**વિદ્યાશાખા દ્વારા વર્ગીકરણ (Division by Discipline) :** જ્ઞાનના વિભાજનમાં અભ્યાસના વ્યાપક ક્ષેત્રમાં, જેમ કે; કુદરતી વિજ્ઞાનો, સામાજિક વિજ્ઞાનો, માનવીય વિદ્યાઓ, એ રીતે વિભાજિત ન્યાય છે. બધી જ આધુનિક વર્ગીકરણ પદ્ધતિઓ DDCને અનુસરીને જ્ઞાનનું વિભાજન વિદ્યાશાખા પ્રમાણે કરે છે. જેમ્સ ડફ બ્રાઉન તેમની 'સબ્જેક્ટ ક્લાસિફિકેશન'માં વિષયાંગોના ઉલ્ટક્રમની પદ્ધતિને અનુસર્યા હતાં, પણ તેઓ નિષ્ફળ નીવડ્યા.

**વેબ ડ્યૂઈ (Web Deway)** : ઈન્ટરનેટ દ્વારા DDC-22 સુધી પહોંચી શકાય છે.

**સહાયકો જુઓ સામાન્ય પૃથકો (Auxilliaries See Common Isolates)**

**સંજ્ઞાની સ્વાગતશીલતા (Hospitality of Natation) :** કોઈપણ સંજ્ઞાત્મક પદ્ધતિનું આવશ્યક લક્ષણ એ છે કે નવાં વિષયોને પૂર્વે અસ્તિત્વ ધરાવતા વિષયોના સ્થાનને ખલેલ કર્યા વિના તેઓને તેના તાર્કિક ક્રમમાં સમાવવાને શક્તિમાન બનાવે છે.

**સામાન્ય પૃથકો/સહાયકો (Common Isolates/Auxiliaries) :** જુદી જુદી પદ્ધતિઓમાં અલગ અલગ નામોથી જાણીતી છે, સામાન્ય રીતે એ વિષય હોતો નથી, પણ જ્ઞાનના પુનરાવર્તિત પાસાંને પ્રલેખોમાં મૂર્તિમંત કરે છે.

**સામાન્ય વર્ગીકરણ પદ્ધતિ (General Classification System):** વર્ગીકરણ એ જ્ઞાન વિશ્વના ક્ષેત્રનો સંપૂર્ણ વિસ્તારમાં વૃદ્ધિ કરે છે, અને પ્રલેખોના બધા પ્રકારના માધ્યમને વર્ગીકૃત કરવા માટે (ઉપયોગમાં) લેવાય છે. વિશિષ્ટ વર્ગીકરણ પદ્ધતિની સરખામણીએ વિષય દ્વારા સીમિત અને પ્રલેખો પ્રવેશ દ્વારા સીમિત છે. ઉદા. સામાજિક વિજ્ઞાનોનું વર્ગીકરણ અથવા નકશાઓનું વર્ગીકરણ.

**સામાન્ય વર્ગીકરણ પદ્ધતિ (General Classification System) :** વર્ગીકરણના કાર્યક્ષેત્રનો વિસ્તારને મર્યાદિત કરે છે. જ્ઞાન વિશ્વના ક્ષેત્રને સંકીર્ણ બનાવે છે. વિશિષ્ટ માધ્યમ અથવા સ્વરૂપ ધરાવતા પ્રલેખોને વર્ગીકૃત કરે છે. એની સરખામણીમાં સામાન્ય વર્ગીકરણ પદ્ધતિઓ જ્ઞાન વિશ્વનો વિસ્તારે છે.

## 3.14 સંદર્ભો અને વિશેષ વાચન REFERENCES AND FURTHER READING :

Chan, Lois Mai (1994). Cataloguing and classification: an introduction. 2nd edition. New York: McGraw-Hill.

Foskett, A.C. (1996). The subject approach to information. 5th ed. London: Library Association Publishing.

Gakhar, A.P. (1982). Librarian's guide to Broad System of Ordering (BSO), New Delhi: Metropolitan.

Hunter, Eric J. (2002). Classification made simple. 2nd edition. Aldershot: Ashgate,

Krishan Kumar (1988). Theory of library classification. 4th edition. New Delhi: Vikas.

Marcella, Rita and Newton, Robert. (1994). A new manual of classification Aldershot: Gower.

Mcllwaine, I.C. (2000). The Universal Decimal Classification: a guide to its use. London: BSI Business Information.

Ranganathan, S.R. (1967). Prolegomena to library ci ssificafion. 3rd edition, Assisted by M.A. Gopinath. Bombay: Asia Publishers.

Rowley, Jennifer and Farrow, John (2000). Organizing knowledge. 3rd edition. Aldershot: Gower.

Satij'a, M.P. (1989). Colon Classification, 7lh edition: a practical introduction. New Delhi: Ess Ess Publishers.

Satija, M.P. (2001). Exercises in the 19th edition of Dewey Decimal Classification. New Delhi: Concept Publishing.

Sethi, A.R. (1985). BC througli the prism of CCILA Bulletin, 21 (3-4), 81 -89.

Sukiasyan, E.R. (1988). Classification practice in the USSR: current status and development trends. International Classification, 15(2), 69-72.

Thomas, Alan R. (1997). Bibliographic Classification. Cataloguing and Classification Quarterly, 25(1), 51-104.

Universal Decimal Classification: Abridged Edition. (2003). London: BSI Business Information.

Universal Decimal Classification: Complete Edition. (2005). Volume 1 : Systematic Tables, Volume 2: Alphabetical Index. London: BSI Business Information.

**Websites**

| | |
|---|---|
| DDC | http://www.oclc.org/fp |
| BC-2 | http://www.sid.cam.ac.uk/bca/bcahome.htm |
| LCC | http://clarssweb.loc.gov |
| UDC Consortium | http://www.udcc.org |
| UDC Online | http://www.udconline.net |
| UDC Pocket edition | http://www.bsi.org.uk,disc |
| UDC-Forum.html | http://www.jiscmal.ac.uk.lists/UDC-Forum.html |
| Email ID of CC | srels@vsnl.com |
| E-mail ID of BSO | eric@ejhunter.freeserve.co.uk |